Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૭ મું. સંવત ૨૦૦૬.
આત્મ સં. ૫૪
અંક ૧૦ મો. તા. ૧૪-૫-૫૦ વૈશાખ

વાર્ષિક લવાજમ રૂા. ૩-૦-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા,
ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


૧ શ્રી મહાવીરસ્વામી જિન સ્તવન ... ( લે. શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ ) ૧૮૫
૨ અંતરિક્ષ પાર્શ્વનાથજી તીર્થ... ... ... ( લે. જંબૂવિજયજી મહારાજ ) ૧૮૬
૩ તત્ત્વબોધ ... ... ... ( લે આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) ૧૯૪
૪ ભગવાનને કોણ વહાલું છે ? ... ... ... ( લે. વિનયવિજયજી મહારાજ ) ૧૯૬
૫ અનાગમિક સાહિત્યનો ઇતિહાસ ... ( પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડીયા એમ. એ. ) ૧૯૭
૬ ચારુશીલા રમણી રત્નો ... ... ... ( લે. મોહનલાલ દીપચંદ ચોકસી ) ૨૦૦
૭ સાહિત્ય પ્રકાશન માટેના અભિપ્રાયો ... ... ... ... ... ( સભા ) ૨૦૪


## જૈન સસ્તું સાહિત્ય અને ઇનામી નિબંધ સંબંધી.

પ્રથમ "**શ્રી જૈનોનો અનેકાન્ત ધર્મ**" ઉપરના નિબંધો જે જે બંધુઓના આવેલા તેમાં **શ્રી હરિસત્ય ભટ્ટાચાર્ય** હાવરાનિવાસી બંધુનો નિબંધ પરિક્ષક કમિટીએ સર્વ શ્રેષ્ઠ ઠરાવ્યાથી રૂા ૪૦૦) ધારા પ્રમાણેનું વેતન તેમને આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. બીજા ચાર બંધુઓ આપવાને પચાશ પચાશ રૂપીયા મળી રૂા. ૨૦૦) આપવા નિર્ણય થયો છે.

બીજો નિબંધ "**શ્રી નમસ્કાર મહામંત્ર**" લેવાનો નિર્ણય થયો છે, જે માટે વિદ્વાન મુનિ-મહારાજાઓ જૈન-જૈનેતર વિદ્વાનો વિગેરેને મળી કુલ બશેંહ આમંત્રણ પત્રો મોકલ્યા છે. અશાડ શુદ ૧૫ની અંદર તે નિબંધ મોકલવા મુદત ઠરાવી છે. પરિક્ષક કમિટી સર્વ શ્રેષ્ઠ જે બંધુનો તે નિબંધ નક્કી કરશે તે બંધુને રૂા. ૧૦૦૦) વેતન આપવામાં આવશે. વધારે વિસ્તારપૂર્વક હકિકત આવતા અંકમાં આપવામાં આવશે.

## આ સભામાં નવા સભાસદોની વૃદ્ધિ કેમ થતી જાય છે ? નવા થનારા જૈન બંધુઓ અને બ્હેનોએ જાણવા જેવું અને સભાસદ થઇ ભેટનો સુંદર નવીન નવીન ગ્રંથોનો લાભ લેવા નમ્ર સૂચના.

સં. ૨૦૦૨-૨૦૦૩-૨૦૦૪ એ ત્રણ સાલમાં ને વખતે અને આ વર્ષના રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે સુંદર સચિત્ર રૂા. ૪૫) ની કિંમતના શ્રી વસુદેવહિંડી વગેરે શુમારે છશેંહ માનનીય સભાસદો ( પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને રૂા. સતાવીશ હજારના ગ્રંથો ભેટ આપવામાં આવ્યા છે અને:—

આ વર્ષ ( સં. ૨૦૦૬ ની સાલમાં ) ગયા "આત્માનંદ પ્રકાશ" અંકમાં જણાવ્યા પ્રમાણે શ્રી દમયંતી ચરિત્ર ( સચિત્ર ) વગેરે ચાર ગ્રથો કિંમત રૂા. ૧૩-૮-૦ તેટલા જ સભાસદોને રૂા. ૮૧૦૦)ના ગ્રંથોનો હાલમાં ભેટ મોકલવામાં આવ્યા છે તેમજ:—

આવતા વર્ષે ( સં. ૨૦૦૭ ની સાલમાં ) **શ્રી શ્રેયાંસનાથ પ્રભુ ચરિત્ર સચિત્ર** સુંદર ગ્રંથ જેની કિંમત સુમારે સાત રૂપીયા થશે સાથે શ્રી જૈનકથારત્ન કોષ ( સમ્યકૃતું સુંદર સ્વરૂપ તેના ગુણો, લાગતા દોષો તેના ઉપર વિવિધ દરેક ગુણો ઉપર એક એક વિસ્તારપૂર્વક સુંદર કથાઓ તેનો પ્રથમ ભાગ જે એક ગ્રંથની કિંમત પણ સુમારે છ રૂપીયા થશે અને ગ્રથો મળી સુમારે રૂા. ૧૩) બે ગ્રથો છપાય છે. તે અમારા સભાસદોને અને નવા થનારા લાઇફ મેમ્બરોને ભેટ આપવાના છે વળી:—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

| | | |
|---|---|---|
| વીર સં. ૨૪૭૬. | વૈશાખ | પુસ્તક ૪૭ મું. |
| વિક્રમ સં. ૨૦૦૬. | :: તા. ૧૪ મી મે ૧૯૫૦ :: | અંક ૧૦ મો. |

## શ્રી મહાવીરસ્વામી જિન સ્તવન.

( રાગ–રાખના રમકડાં )

વીરનાં વચણુડાં મારા મનમાં રમતાં રાખ્યાં રે;
જન્મ મરણુના દુ:ખ હટાવા, પ્રભુએ અમૃત ભાખ્યાં રે. વીરનાં૦ ૧

લોકો બોલે અમૃત બીજું, એ અમૃત નહિ માનું;
શિવસુખનાં જે સ્વાદ ચખાવે, તે અમૃત દીલ આણું રે. વીરનાં૦ ૨

વિષય વિષનું ઝેર ઉતારે, ધર્મ અમૃત તે કહીએ;
પાણીને વલોવી વ્હાલાં, માખણુ કહો કેમ લહીએ રે ? વીરનાં૦ ૩

સ્યાદ્વાદ સપ્ત નયથી ભળીયું, પુણ્યે એ મને મળીયું રે;
કર્મ પ્રબલ દલ તેથી ગળીયું, નિજ ભાવે દીલ હળીયું રે. વીરનાં૦ ૪

આત્મ કમલ એ અમૃત મીઠું, પીને શિવપુર દીઠું;
લબ્ધિ વિલાસ રહ્યો જ્યાં અગણિત, તે જગ અમૃત મીઠું રે. વીરનાં૦ ૫

—પૂ. આચાર્ય શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ नमः श्रीअन्तरिक्षपार्श्वनाथाय ॥

# श्री अंतरिक्षपार्श्वनाथजी तीर्थ.

( ગતાંક પૃષ્ઠ ૧૭૫ થી ચાલુ )

**શ્રી અંતારક્ષ પાર્શ્વનાથજી તીર્થ**નો સં. ૧૩૮૫ આસપાસ શ્રી જિનપ્રભસૂરિજીએ લખેલો ઐતિહાસિક વૃત્તાંત ગતાંકમાં આવી ગયો છે. ત્યારપછી કાલાનુક્રમે જોતાં **દેવગિરિ-** ( દૌલતાબાદ )માં વસતા **રાજા** નામના સંઘવીએ વિ. સં. ૧૪૭૩ પૂર્વે **અંતરિક્ષજીતીર્થ**ની યાત્રા કર્યાનો ઉલ્લેખ[1] મળે છે, પરંતુ આમાં અંતરિક્ષજીનો માત્ર નામોલ્લેખ જ હોવાથી આ અને આવા બીજા માત્ર નામોલ્લેખવાળા ભાગો લેખને અંતે અક્ષરશઃ યથાશક્ય આપવામાં આવશે. હમણાં તો આ તીર્થની ઐતિહાસિક માહિતી આપતા હોય તેવા ઉલ્લેખો જ તપાસીશું.

આ દૃષ્ટિએ કાલાનુક્રમે જોતાં શ્રી જિનપ્રભસૂરિએ રચેલા **વિવિધતીર્થકલ્પા**ન્તર્ગત **श्रीपुर अन्तरिक्षपार्श्वनाथकल्प** પછી વિ. સં. ૧૫૦૫ રચાયેલા **उपदेशसप्तति** નામના ગ્રંથનું સ્થાન આવે છે. **उपदेशसप्तति**ના કર્તા તપાગચ્છાધિપતિ આ. શ્રી **સોમસુંદરસૂરિ**જીના શિષ્ય મહોપાધ્યાય શ્રી **ચારિત્રરત્ન**ગણીના શિષ્ય પં. શ્રી **સોમધર્મ**ગણી છે. તેમણે **ઉપદેશસપ્તતિ**માં બીજા અધિકારના દશમા ઉપદેશમાં ( શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગરથી પ્રકાશિત પૃ. ૪૧ થી ૪૨ ) ૨૪ શ્લોકોમાં અંતરિક્ષજીનો ઇતિહાસ વર્ણવ્યો છે. તેમાં આવતું વર્ણન અમુક પ્રકારનો શાબ્દિક ભેદ હોવા છતાં પણ ગયા અંકમાં આવી ગયેલા શ્રી જિનપ્રભસૂરિજીએ કરેલા વર્ણનને જ બહુ અંશે[2] મળતું છે. **રાવણની, માલિસુમાલિની**

---

૧. ઉલ્લેખ **રાજા** સંઘવીના **દેમાઇ** નામની પત્નીએ સિદ્ધાચલની યાત્રા કરીને પાછા વળતાં વચમાં ખંભાત મુકામે વિ. સં. ૧૪૭૩ માં લખાવેલી શ્રી **ધર્મઘોષસૂરિવિરચિત કાલકાચાર્યકથા**ની એક પ્રતિના અંતમાં લખાવનાર આદિનું વર્ણન કરતી ૪૮ શ્લોકની પ્રશસ્તિમાં છે. આ પ્રશસ્તિ **प्रेमी अभिनन्दन ग्रन्थ** માં **ऐतिहासिक महत्त्वकी एक प्रशस्ति** એ શીર્ષક નીચે સારાભાઈ મણિલાલ નવાબે આપી છે. ( જુઓ. પૃ. ૫૪૭ )

૨ ઉપદેશસપ્તતિમાં અંતરિક્ષજીના અધિકારમાં ૨૧, ૨૨, તથા ૨૪ મા શ્લોકમાં ગ્રંથકાર જણાવે છે કે—

**निवेश्य नगरं नव्यं श्रीपुरं तत्र भूपतिः। अचीकरच्च प्रोत्तुंगं प्रासादं प्रतिमोपरि ॥ २१ ॥**
**घटौ गर्गरिकायुक्तौ न्यस्य नारी स्वमस्तके। तद्बिम्बाधः प्रयाति स्म पुरेति स्थविरा जगुः॥२२॥**
**कियदन्तरमद्यापि भूमि-प्रतिमयोः खलु। अस्तीति तत्र वास्तव्या वदन्ति जनता अपि ॥२४॥**

**ભાવાર્થ**—" ત્યાં રાજાએ શ્રીપુર( સિરિપુર ) નગર વસાવીને પ્રતિમા ઉપર ( ફરતો ) ઊંચો પ્રાસાદ બંધાવ્યો. ઉપરાઉપરિ બે ઘડા ઉપર ગાગર મૂકીને તે માથા ઉપર ઉપાડીને પહેલાં (પાણિયારી) સ્ત્રી પ્રતિમાજી નીચેથી નીકળી શકે એટલી મૂર્તિ અદ્ધર હતી એમ જૂના માણસો કહે છે. હમણાં પણ ભૂમિ અને પ્રતિમા વચ્ચે કેટલુંક અંતર છે એમ ત્યાંના ( સિરપુરના ) વતની લોકો કહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રતિમાપવિત્રિત જલથી સ્નાન કરવાથી વિંગિલ્લ (ઇંગોલિ) નગરના **શ્રીપાળ**રાજાનો કોઢ રોગ ગયાની, અધિષ્ઠાયક દેવે કહેલી વિધિપ્રમાણે તે સમયની અપેક્ષાએ ભાવિતીર્થંકર શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા ગાડામાં લાવ્યાની, રસ્તામાં રાજાએ પાછું વાળીને જોતાં મૂર્તિ અદ્ધર રહી ગયાની, પછી ત્યાં **શ્રીપુર** નગર વસાવીને મંદિર બંધાવ્યા વગેરેની એની એ જ હકીકત આમાં પણ છે. મહત્ત્વનો ભેદ એ છે કે–શ્રી જિનપ્રભસૂરિજીએ **અંબા** દેવી અને ક્ષેત્રપાલ સંબંધી જે હકીકત આપી છે, તે આ **ઉપદેશસપ્તતિ**માં બીલકુલ નથી. તેમજ બીજા કોઈ લખાણમાં પણ જોવામાં આવતી નથી. **ઉપદેશસપ્તતિમાં**નો સંસ્કૃતભાગ લેખને અંતે આપવામાં આવશે.

## કવિશ્રી લાવણ્યસમય મુનિવિરચિત શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ છંદ.

આ પછી શ્રી **લાવણ્યસમય**જીએ વિ. સં. ૧૫૮૫ ની અક્ષયતૃતીયાને દિવસે ગુજરાતી ભાષામાં રચેલા ૫૪, કડીના શ્રી **અંતરિક્ષપાર્શ્વનાથ છંદ**નું કાલાનુક્રમે સ્થાન આવે છે. આમાં તીર્થના સ્થાપના આદિના સંબંધમાં વર્ણનાત્મક તેમજ અલંકારાત્મક ભાગ ઘણો છે, પરંતુ શ્રી જિનપ્રભસૂરિજી અને શ્રી સોમધર્મગણીજીએ વર્ણવેલા વૃત્તાંતથી આમાં કેટલીક મહત્ત્વની ભિન્નતા નજરે પડે છે. જિનપ્રભસૂરિજી અને શ્રી સોમધર્મગણીજીએ જ્યાં **રાવણ**ના સેવક **માલિ** અને **સુમાલિ**નું નામ આપ્યું છે ત્યાં લાવણ્યસમયજીએ રાવણના બનેવી **ખરદૂષણ** રાજાનું નામ આપ્યું છે. (લાવણ્યસમયજીના છંદ પછી રચાયેલાં બીજાં તમામ લખાણોમાં પણ ખરદૂષણ રાજાનું જ નામ જોવામાં આવે છે.)

બીજો એક ખાસ મહત્ત્વનો ભેદ એ છે કે—અંતરિક્ષપાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાના અધિષ્ઠાયક દેવે **વિંગઉલ્લી** (ઇંગોલિ) નગરના શ્રીપાલ રાજાને 'ભાવિતીર્થંકર શ્રી પાર્શ્વનાથ ભગવાનની આ પ્રતિમા છે' એમ કહીને ખાબોચિયામાંથી પ્રતિમા કાઢવાનું જણાવ્યાની જે હકીકત શ્રી જિનપ્રભસૂરિજી તથા શ્રી સોમધર્મગણીજીએ આપી છે, તેના બદલે લાવણ્ય-સમયજીએ **એલચપુર**ના એલચદે [વ] રાજાનું નામ આપ્યું છે. અને 'ભાવિતીર્થંકર' એવો ઉલ્લેખ નથી. **એલચપુર** નગર **વરાડ**(વિદર્ભ) દેશમાં **૨૧/૧૮** ઉત્તર અક્ષાંશ તથા ૭૭/૩૩ પૂર્વ રેખાંશ ઉપર આવેલું છે. વરાડના ઐતિહાસિકોની પરંપરાનુસારી માન્યતા પ્રમાણે. **इल** (આને જ **इलच** તથા **एलच** પણ કહે છે) નામનો જૈન રાજા વિ. સં. **૧૧૧૫** માં એલચપુરની[૩] રાજગાદી ઉપર આવ્યો હતો. આ જોતાં આ તીર્થની સ્થાપના શ્રી પાર્શ્વનાથ

---

આ જોતાં એમ સ્પષ્ટ લાગે છે કે સોમધર્મગણીજીએ અંતરિક્ષજી સંબંધી વૃત્તાંત અંતરિક્ષજી-તીર્થનાં સ્વયં દર્શન કરીને લખ્યો નથી, પણ **कर्णोपकर्णम्** કાનપરંપરાએ સાંભળીને કિંવા પહેલાંના લખાણને આધારે જ લખ્યો છે. અધિક સંભવ તો એ છે કે—તેમણે જિનપ્રભસૂરિજીને **અનુસરીને** અંતરિક્ષજીનો વૃત્તાંત લખ્યો છે.

૩. એલચપુર સંબંધી ઐતિહાસિક ચર્ચા આવતા અંકમાં વિસ્તારથી આવશે. એલિચપુરથી અંતરિક્ષજી લગભગ ૧૦૦ માઈલ દૂર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભગવાન થયા તે પૂર્વે નહીં, પણ પાર્શ્વનાથ ભગવાનના નિર્વાણ પછી ઘણા કાળે વિ. સં. **૧૧૧૫** પછી જ થઇ છે, એમ લાવણ્યસમયજીના કથન ઉપરથી અનુમાન થઇ શકે છે. આ વાતનું આગળ આવતા શ્રી ભાવવિજયજી ગણીના કથનથી પણ સમર્થન થાય છે. ભાવવિજયજી ગણીને **પદ્માવતી** દેવીએ પ્રત્યક્ષ આવીને કહ્યું છે કે 'આ તીર્થની સ્થાપના વિ. સં. ૧૧૪૨ ના મહા સુદ ૫ ને રવિવારને દિવસે વિજયમુહૂર્તમાં એલચપુર નગરના શ્રીપાલ અપરનામ એલચ રાજાની વિનંતિથી પધારેલા માલધારી શ્રી અભયદેવસૂરિ મહારાજના હાથે થયેલી છે. અને લાવણ્યસમયજી પછીના બધાં લખાણોમાં પણ **એલચપુર**ના **એલચ** (અથવા **इलच**) રાજાનું નામ આવે છે. લાવણ્યસમયજીના છંદથી અંતરિક્ષજીના ઇતિહાસમાં આ મહત્ત્વનો ફેરફાર શરૂ થાય છે. જ્યારે શ્રી જિનપ્રભસૂરિજી અને સોમધર્મગણીજીના કથન પ્રમાણે આ રાજા અને તીર્થની સ્થાપના પાર્શ્વનાથ ભગવાન થયા પૂર્વે થયેલાં છે.

આ સિવાયનો શ્રી જિનપ્રભસૂરિ અને સોમધર્મગણીજીએ આપેલા વૃત્તાંતથી લાવણ્ય-સમયજીના છંદમાં જે ભેદ જોવામાં આવે છે તે માત્ર શાબ્દિક અને વર્ણનાત્મક જ છે. મુખ્ય બનાવો અને નામો વગેરે એક જ છે. આ આખો ગુજરાતી છંદ છેવટે આપવામાં આવશે.[૪]

## શ્રી ભાવવિજયજી ગણિરચિત શ્री अन्तरिक्षपार्श्वनाथस्तोत्र.

આ પછી તપાગચ્છાધિપતિ આ૦ શ્રી **વિજયદેવસૂરિ**મહારાજના શિષ્ય [૫]શ્રીભાવવિજયજી ગણીએ સંસ્કૃતભાષામાં રચેલા ૧૪૫ શ્લોકના **श्री अन्तरिक्षपार्श्वनाथस्तोत्र**નું સ્થાન આવે છે. આ સ્તોત્ર અનેક દૃષ્ટિએ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. વર્તમાનમાં અંતરિક્ષજીની પ્રતિમા જ્યાં વિરાજમાન છે તે જિનાલય ભાવવિજયજીગણિના ઉપદેશથી જ બંધાયેલું છે અને પાસેના બીજા મંદિરમાંથી ફેરવીને ફરીથી તેમાં અંતરિક્ષપાર્શ્વનાથભગવાનની પ્રતિષ્ઠા વિ. સં. ૧૭૧૫ ના ચૈત્ર સુદ ૬, ને રવિવારે તેમના હાથે જ થયેલી છે. આજે પણ પાસેના માણિભદ્રજીની સ્થાપનાવાળા બીજા [૬]ભોંયરામાં શ્રી વિજયદેવસૂરિજીની તેમજ શ્રીભાવવિજયજી-

૪. ભાવનગરના સ્વ૦ શ્રી કુંવરજી આણંદજી તરફથી પ્રકાશિત થયેલા **પ્રાચીન સ્તવનાદિ સંગ્રહ**ના પુસ્તકમાં આ છંદ ૪૫ કડીનો છપાયેલો મારા જોવામાં આવ્યો છે. પરંતુ **બાલાપુર**(વરાડ)ના સ્વ. શેઠ **લાલચંદભાઇ ખુશાલચંદ**ના ઘરમાંથી મને મળી આવેલા હસ્તલિખિત પાનાંઓમાં ૫૪ કડીનો આ છંદ છે અને તે બરાબર છે.

૫ આ સ્તોત્રના કર્તા ભાવવિજયજી તથા ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજના મિત્ર તેમજ ઉત્તરાધ્યયનસૂત્ર આદિની ટીકાના રચયિતા ઉપાધ્યાય શ્રી ભાવવિજયજી મહારાજ બંને જુદી જુદી વ્યક્તિ છે. ઉત્તરાધ્યયનવૃત્તિકાર **ભાવવિજયજી** શ્રીવિજયહીરસૂરિશિષ્ય વિજયસેનસૂરિશિષ્ય વિજયતિલકસૂરિ-શિષ્ય વિજયાણંદ શિષ્ય **વિમલહર્ષ** ઉપાધ્યાયના શિષ્ય શ્રી મુનિ**વિમલ** વાચકના શિષ્ય હતા અને આ તો વિજયદેવસૂરિજીના શિષ્ય છે.

૬ આ માણિભદ્રની સ્થાપનાવાળા બીજા ભોંયરામાં જ પહેલાં અંતરિક્ષજીની મૂર્તિ વિરાજમાન હતી. એમનું પ્રાચીન આસન અત્યારે પણ વિદ્યમાન છે. અત્યારે તે આસન પર બીજી માણિભદ્રજીની સ્થાપના કરેલી છે. ભોંયરામાં કુલ્લે ૨, માણિભદ્રજી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગણિની પાદુકાઓ ( પગલાં ) વિદ્યમાન છે. એકના ઉપર **पं० श्रीविजयदेवसूरिपादुका** અને બીજી ઉપર **पं० श्री भावविजयग० पादुका** એવા કોતરેલા અક્ષરો સ્પષ્ટ વાંચી શકાય છે. વર્તમાન પ્રતિષ્ઠા કરનાર શ્રી ભાવવિજયજીગણીએ જ રચ્યું હોવાથી તેમજ બીજી ઘણી નવી તથા બાહ્ય પ્રમાણોથી પણ પુષ્ટ થતી માહિતી તેમાં હોવાથી આ સ્તોત્રનું મહત્ત્વ ઘણું જ ઘણું વધી જાય છે. પોતાનાં માતા-પિતા, જન્મસ્થાન, દીક્ષા આદિથી માંડીને સ્તોત્રની રચના કરી ત્યાંસુધી બધી પ્રાસંગિક રસપ્રદ માહિતી તેમણે આપી છે. એ આખા સ્તોત્રનો ભાવાર્થ નીચે પ્રમાણે છે.

શાંતરસપૂર્ણ પરમ આનંદ સ્વરૂપ( પરમાત્મા )ને નમસ્કાર કરીને હું ( ભાવવિજયજી-ગણીએ ) સ્વયં અનુભવેલા ચમત્કારનું બીજાઓના ઉપકારને માટે વર્ણન કરું છું-જંબૂદ્વીપના ભરતક્ષેત્રના મધ્યખંડને શોભાવતું સત્યપુર ( સાચોર ) નામનું વનખંડોથી સુશોભિત નગર હતું. તે નગરમાં ઓશવાલવંશમાં **રાજમલ્લ** નામના ગૃહસ્થ હતા. તેમને મૂલી-નામની પત્નીથી **ભાનિરામ** નામનો એક પુત્ર થયો હતો. એક વખત તે નગરમાં ઉપશમ આદિ ગુણોના ભંડાર શ્રી વિજયદેવસૂરિજી સાધુઓના પરિવાર સાથે પધાર્યા હતા. જેમ મયૂરી મેઘના આગમનથી ખુશી થાય તેમ ગુરુમહારાજના આગમનથી આનંદિત થયેલા શ્રાવકો તેમને વંદન કરવા માટે ગયા. જેમ ચાતકો મેઘના જલને પીવા માટે અતિ ઉત્કંઠિત હોય છે તેમ ગુરુમહારાજના મુખમાંથી વરસતા વચનામૃતનું પાન કરવા માટે ઉત્કંઠ બનેલા શ્રાવકો ગુરુમહારાજને વંદન કરીને તેમની દેશના સાંભળવા માટે બેઠા. પછી આચાર્ય મહારાજે સાત નય અને ચતુર્ભંગીથી યુક્ત તથા દુરિત( પાપ )ને દૂર કરનારી અમૃત કરતાં પણ અધિક મીઠી ધર્મદેશના આપી. તેમની દેશનાથી પ્રતિબોધ પામીને મેં બહુ હર્ષપૂર્વક દીક્ષા લીધી. દીક્ષાસમયે ગુરુમહારાજે મારું **ભાવવિજય** એવું નામ રાખ્યું.

ત્યારપછી ગુરુમહારાજની સાથે મારવાડમાં વિચરતા મેં સૂત્ર વગેરેનો યથારુચિ અભ્યાસ કર્યો. પછી તેથી સંતુષ્ટ થયેલા ગુરુમહારાજે જોધપુર નગરમાં સંઘસમક્ષ મને **ગણિ** પદવી આપી. ત્યારપછી **પાટણ**ના સંઘની વિજ્ઞપ્તિથી ગુરુમહારાજ વચમાં **આબુ**( અર્બુદગિરિ ) ની યાત્રા કરીને શિષ્યો સાથે **ગુજરાત**માં પધાર્યા. રસ્તામાં જતાં ગ્રીષ્મઋતુની ઉષ્ણતાને લીધે મારી આંખોમાં રોગ લાગુ પડ્યો, પણ જેમ તેમ કરીને કષ્ટથી ગુરુમહારાજ સાથે **પાટણ** પહોંચ્યો. ત્યાંના શ્રીમંત શ્રાવકોએ ઘણા ઘણા ઔષધોપચાર કર્યા, પણ મારી આંખોમાં કશો ફાયદો થયો નહીં. છેવટે મારી આંખો ચાલી ગઇ અને હું અંધ બન્યો.

દીવા વિના ઘરની જેમ નેત્રરહિત થયેલા મેં એક વખત આ૦ **શ્રી વિજયદેવસૂરિ**ને ગયેલી આંખો ફરી પ્રાપ્ત થાય તે માટે ઉપાય પૂછ્યો. આચાર્ય મહારાજે કૃપા કરીને પૂર્ણ વિધિવિધાન સાથે પદ્માવતી દેવીનો મહાન મંત્ર મને આરાધવા માટે આપ્યો. પછી ચોમાસું પૂર્ણ થયે, એક સાધુને મારી પાસે મૂકીને આચાર્ય મહારાજ અન્યત્ર વિહાર કરી ગયા. પછી ગુરુમહારાજે બતાવેલી વિધિપૂર્વક **પદ્માવતીમંત્રનું** આરાધન કરવાથી **પદ્માવતી** દેવીએ પ્રત્યક્ષ આવીને વિસ્તારથી નીચે મુજબ મને વૃત્તાંત કહ્યોઃ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" **હરિવંશ**માં ઉત્પન્ન થયેલા તથા **કાચબા**ના લાંછનવાળા શ્રી **મુનિસુવ્રતસ્વામી** ભગવાનના શાસનમાં **રાવણ** નામનો મહાબલવાન **પ્રતિ**વાસુદેવ થયો હતો. એક **વખત** તેણે પોતાના બનેવી **ખરદૂષણ** રાજાને કોઇક કાર્યાર્થે શીઘ્ર મોકલ્યો હતો. **પાતાલલંકા**નો અધિપતિ તે **ખરદૂષણ** રાજા પણ વિમાનમાં બેસીને **પક્ષી**ની જેમ આકાશમાર્ગે પ્રયાણ કરતો ચાલતાં ચાલતાં અનુક્રમે અનેક નગર, દેશ, વનખંડ તથા પર્વતોને ઓળંગીને ભોજનના અવસરે [૮]**વિંગોલી** દેશમાં આવી પહોંચ્યો. ભોજનનો અવસર થયો હોવાથી ત્યાં ભૂમિ ઉપર ઉતરીને સ્નાન કરીને પૂજા પાત્ર હાથમાં ધારણ કરીને ખરદૂષણ રાજાએ રસોઇઆને જિનચૈત્ય ( પ્રતિમા ) લાવવા માટે કહ્યું. સાથે જિનપ્રતિમા લાવવાનું ભૂલી ગયો હોવાથી ભયભીત બનેલા રસોઇઆએ હાથ જોડીને પ્રણામ કરીને કહ્યું કે—હે સ્વામિન્ ! ગૃહચૈત્ય ( ઘરમંદિર ) તો હું **પાતાલલંકા**માં ભૂલી ગયો છું. આ સાંભળીને તરત જ રાજાએ વાલુ ( રેતી ) છાણ ભેગાં કરીને પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા બનાવી. અને નમસ્કાર મહામંત્રથી પ્રતિષ્ઠા કર્યા બાદ પૂજા કરીને આશાતના ન થાય તે માટે પાસેના કુવામાં મૂર્તિને પધરાવી દીધી. કૂવામાં રહેલા દેવે તે પ્રતિમાને પડતાં સાથે જ ઝીલી લીધી અને વજ્ર જેવી દૃઢ-મજબૂત કરી દીધી. ખરદૂષણ રાજા પણ ભોજન કરીને ત્યાંથી નીકળ્યો અને રાવણનું કાર્ય કરીને **લંકા** નગરીમાં પહોંચી ગયો. ત્યાર પછી ઘણા કાળ સુધી કૂવાના દેવે ભાવિતીર્થંકર શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાની બહુ ભક્તિપૂર્વક પૂજા કરી.

( ભાવવિજયજીગણિ જણાવે છે કે[૯]:—) વૈરાટ નગરને લીધે આ દેશ શાસ્ત્રમાં કહેલા સાડાપચીશ દેશ પૈકીનો મત્સ્યદેશ હોય તેમ લાગે છે. તે વખતે ( રાવણના સમયમાં ) આ દેશ વિંગોલિના નામથી પ્રસિદ્ધ હતો. ત્યાર પછી વૈરાટ નામથી પ્રસિદ્ધ હતો અને હમણા વર્તમાન કાલમાં તે વરાડના નામથી ઓળખાય છે.

---

૮ અહીં **विंगोलि** દેશ શબ્દનો **विंगोलि**ની આસપાસનો પ્રદેશ એટલો જ અર્થ કરવાનો છે, **विंगोलि** શબ્દથી કોઇ મોટો દેશ લેવાનો નથી. **विंगोलि**થી સિરપુર સીધા રસ્તે લગભગ ત્રીશ માઇલ દૂર છે. એટલે અંતરિક્ષજીનું સ્થાન **विंगोलि** પ્રદેશમાં જ ગણાય. અત્યારે લોકો **इंगोलि**ના બદલે **इंगोलि** જ ઉચ્ચાર કરે છે. લખવામાં **हिंगोलि** લખાય છે પણ તાત્પર્યથી બધું એક જ છે. **इंगोलि** અંતરિક્ષજી( સિરપુર )થી ૩૦ માઇલ દૂર દક્ષિણ દિશામાં ૧૯/૪૩ ઉત્તર અક્ષાંશ અને ૭૭/૧૧ પૂર્વ રેખાંશ ઉપર આવેલું છે.

૯ શ્રી ભાવવિજયજી ગણીનો આ પોતાનો અભિપ્રાય બરાબર લાગતો નથી, કેમકે **मत्स्य देश** દિલ્હીની પાસે છે અને વૈરાટ નગર પણ ત્યાં જ છે. રાજકારણના અભ્યાસીઓ સારી રીતે જાણે છે કે થોડા જ વખત પહેલાં દિલ્હી પાસે **અલવર** અને ભરતપુર વગેરે રાજ્યોના બનેલા **मत्स्यसंघ**ની સ્થાપના થઇ હતી કે જે હમણાં **बृहद् राजस्थान संघ**માં વિલીન થઇ ગયો છે.

આ દેશનું **वराड** નામ **वैराट** શબ્દ ઉપરથી પડ્યું નથી, પણ આ દેશમાંથી **वरदा** નદી વહેતી હોવાને લીધે **वरदातट** શબ્દનું પ્રાકૃતમાં **वरयायडं** બનીને પાછળથી તેનો ઉચ્ચાર ઘસાઇને **वराड** થયો છે. આ સંબંધી ઐતિહાસિક ચર્ચા વિસ્તારથી આવતા અંકમાં આવશે. **वराड**નું મૂલ રૂપ **वैराट** છે એવી કલ્પનાથી ભાવવિજયજી ગણીએ આ દેશને **वैराट** રાજધાનીવાળો **मत्स्य देश** કલ્પી લીધો હોય તેમ જણાય છે, પરંતુ વસ્તુતઃ આ **मत्स्यदेश** નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( હવે આ બાજુ ઘણો કાળ વીતી ગયા પછી ) તે વરાડ દેશના **એલચપુર** નામના નગરમાં શ્રીપાલ નામે ચંદ્રવંશી રાજા થયો. માતા-પિતાએ તેનું **શ્રીવાલ** નામ પાડયું હતું પણ **ઇલા** એટલે પૃથ્વીનું સારી રીતે રાજ્ય કરતો હોવાથી લોકો તેને **ઇલચ** કહી સંબોધતા હતા.

એક વખત, પૂર્વજન્મમાં કરેલા પાપના ઉદયથી રાજાના શરીરમાં કોઢનો ભયંકર વ્યાધિ લાગુ પડયો અને તેથી રાજાને વારંવાર મૂર્છા આવતી હતી. વૈદ્યોએ ઘણા ઘણા ઔષધોપચાર કર્યા પણ રાજાને જરા પણ શરીરે શાંતિ થઈ નહીં. વેદનાથી પીડાતો રાજા રોગની શાંતિને માટે એક વખત-નગર બહાર નીકળ્યો. પાણીની તરસથી વ્યાકુલ થયેલો રાજા પાણી માટે આમતેમ ફરતો ફરતો આંબલીના ઝાડ નીચે જેમાં પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા હતી તે કૂવા પાસે આવ્યો. તે કૂવાના જલથી હાથ-પગ-મ્હોં ધોઇને તથા સ્વચ્છ સ્વાદિષ્ટ પાણી પીને રાજા પોતાની છાવણીએ ચાલ્યો ગયો. થાકેલા રાજાને સાંજ પડતાં જ ઊંઘ આવી ગઈ. રોગની પીડાથી આખી રાત માછલાંની જેમ તરફડીને જ પૂરી કરતો હતો. તે રાજા તે રાત્રિએ નિશ્ચિંત થઇને ઇચ્છાનુસાર ઉંઘ્યો.

સવારમાં ઉઠ્યા પછી રાજાના હાથ, પગ તથા મોં નીરોગી જોઇને રાણીએ રાજાને પૂછયું કે-'સ્વામિ! ગઇ કાલ તમે કયાં હાથ-પગ-મોં ધોયા હતા કે જેથી તેટલા ભાગ ઉપરથી કોઢ રોગ બિલકુલ નષ્ટ થઇ ગયો દેખાય છે. આજે પણ ત્યાં ચાલો અને સર્વ અંગે સ્નાન કરો કે જેથી સર્વ અંગનો રોગ ચાલ્યો જાય.' રાણીના કહેવાથી પ્રતીતિવાળા રાજાએ ત્યાં જઇને સર્વાંગે સ્નાન કર્યું અને શરીર તત્કાળ નીરોગી થઈ ગયું. આથી રાજા અને રાણી બંનેને ખૂબ આશ્ચર્ય થયું અને અન્ન-પાણીનો ત્યાગ કરીને દેવની આરાધના કરવા માંડી. 'હે કૂવાની અંદરના અધિષ્ઠાયક દેવ! હે ક્ષેત્રદેવ! તમે જે કોઇ હો તે કૃપા કરી અમને તમારું દર્શન આપો.'-આ પ્રમાણે કહીને દેવની આરાધના કરતાં રાજાને ત્રણ દિવસ વીતી ગયા. છેવટે રાજાને દઢ નિર્ણયવાળો જોઇને દેવે પ્રત્યક્ષ આવીને કહ્યું—

'રાજન્! ખરદૂષણ રાજાએ પધરાવેલી આ કૂવામાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા છે. તેના સ્પર્શથી આનું પાણી મહાપવિત્ર થયેલું છે, તેથી આ પાણીથી સ્નાન કરવાથી તારું શરીર નીરોગી થઇ ગયું છે. આ મૂર્તિના સ્પર્શથી પવિત્ર થયેલા પાણીથી શ્વાસ, ખાંસી, તાવ, શૂલ તથા કોઢ વગેરે રોગો અસાધ્ય થઇ ગયા હોય તો પણ નિશ્ચયે નાશ પામે છે; નેત્રહીનને નેત્ર પ્રાપ્ત થાય છે, બહેરાને સાંભળવાની શક્તિ પ્રાપ્ત થાય છે, મૂંગો બોલતો થાય છે, લંગડો-પાંગળો ચાલવા લાગે છે, અપસ્માર રોગવાળાને નવું શરીર પ્રાપ્ત થાય છે, વીર્ય-પરાક્રમહીન મહાવીર્ય પ્રાપ્ત થાય છે, ધન જોઇએ તેને ધન મળે છે, સ્ત્રી જોઇએ તેને સ્ત્રી મળે છે, પુત્ર જોઇએ તેને પુત્ર-પૌત્ર મળે છે, રાજ્ય ગુમાવ્યું હોય તો રાજ્ય મળે છે, પદવી ન હોય તેને ઉત્તમ પદવી મળે છે, વિજય જોઇએ તેને વિજય મળે છે. વિદ્યાહીનને વિદ્યા પ્રાપ્ત થાય છે. ભૂત, વેતાલ તથા ડાકણો પલાયન થઈ જાય છે. આ મૂર્તિના સ્પર્શથી પવિત્ર થયેલા પાણીથી સર્વે દુષ્ટ ગ્રહો શમી જાય છે. **किं बहुना?** બહુ શું વર્ણન કરવું?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હે રાજન્ ! સર્વ મનોરથોને પૂર્ણ કરનારી આ મૂર્તિ કલિયુગમાં સાક્ષાત્ ચિન્તામણિરત્ન સમાન છે. હું નાગરાજ ધરણેન્દ્રનો સેવક છું અને તેના આદેશથી અહીં રહીને ભગવાનની મૂર્તિની ભક્તિથી ઉપાસના કરું છું.

આ પ્રમાણે દેવનું કથન સાંભળીને ભક્તિથી ઉલ્લસિત મનવાળા રાજાએ દેવ પાસે પ્રત્યક્ષ ચમત્કાર કરનારી મૂર્તિની માગણી કરી. દેવે કહ્યું કે 'રાજન્ ! ધન-ધાન્ય વગેરે તું જે કંઇ માગે તે આપીશ, પણ મૂર્તિ નહીં આપું.' આ પ્રમાણે દેવે ઘણું સમજાવ્યું તો પણ મૂર્તિ જ લેવાની ઇચ્છાવાળા રાજાએ પારણું ન કર્યું. 'પ્રાણ જાય તો ભલે જાય; પણ મૂર્તિ લીધા વિના પાછો નહીં ફરું' આ પ્રમાણે દૃઢ નિશ્ચય કરીને બેઠેલા રાજાને ભોજન-પાણી લીધા વિના સાત દિવસો વીતી ગયા. તેના તપના પ્રભાવથી ધરણેંદ્રે જાતે ત્યાં આવીને કહ્યું—'રાજા ! તું શા માટે હઠ કરે છે ? આ મહાચમત્કારી મૂર્તિની પૂજા તમારાથી નહીં થઇ શકે. તારું ( રોગ નાશ પામવાનું ) કાર્ય સિદ્ધ થઇ ગયું છે, માટે તું ચાલ્યો જા.'

રાજાએ કહ્યું—નાગરાજ ! પેટ ભરવાથી શું ? હું તો જગતના ઉપકાર માટે પ્રતિમાની માગણી કરું છું માટે મને મૂર્તિ આપો. મારા પ્રાણ જાય તો ભલે ચાલ્યા જાય, પણ નાગરાજ ! પ્રતિમા લીધા વિના હું પાછો ફરવાનો નથી. મૂર્તિ આપો કે ન આપો, એ તમારી મરજીની વાત છે. મારા પ્રાણ તો એ ભગવાનમાં જ રહેલા છે.

આ પ્રમાણે રાજાનું કથન સાંભળીને સાધર્મિકબંધુને કષ્ટ ન થાય તે માટે ધરણેંદ્રે એલચ રાજાને કહ્યું—'રાજન્ ! હું તારી ભક્તિથી પ્રસન્ન થયો છું, અને તેથી પ્રાણથી પણ અધિકપ્રિય આ ચમત્કારી મૂર્તિને જગતના ઉપકારને માટે તને આપીશ, પરંતુ આ પ્રતિમાની આશાતના ન કરીશ. નહીંતર મને ઘણું દુઃખ થશે.' રાજાએ આ વાતનો સ્વીકાર કર્યો ત્યારે ધરણેંદ્રે કહ્યું કે—રાજન્ ! સાંભળ, સવારમાં સ્નાન કરીને સ્વચ્છ થઇને તું અહીં કૂવા પાસે આવજે. પછી નાલ( જવારીના સાંઠા )ની પાલખી બનાવીને સુતરના તાંતણાથી બાંધીને કૂવામાં ઘડાની જેમ ઉતારજે. હું તેમાં મૂર્તિ મૂકી દઇશ, પછી બહાર કાઢીને નાલના ( જવારીના સાંઠાના ) બનાવેલા રથમાં તું પ્રતિમા મૂકી દેજે. અને પછી સાત દિવસના જન્મેલા વાછરડા રથને જોડીને તું આગળ ચાલજે અને રથ તારી પાછળ ચાલ્યો આવશે. તારી જ્યાં આ પ્રતિમા લઇ જવાની ઇચ્છા હોય ત્યાં લઇ જજે પણ પાછું વાળીને જોઇશ નહીં જો જોઇશ તો પ્રતિમા નહીં આવે. આ પંચમ કાલ હોવાથી અદૃશ્યપણે મૂર્તિમાં અધિષ્ઠિત રહીને આ પ્રતિમાની ઉપાસના કરનારના મનોરથો હું પૂર્ણ કરીશ.'

આ પ્રમાણે કહીને નાગરાજ ધરણેંદ્ર ચાલ્યા ગયા પછી સવારમાં રાજાએ ધરણેંદ્રના કહ્યા પ્રમાણે બધું કર્યું. કૂવામાંથી પ્રતિમા બહાર કાઢીને રાજાએ નાલના રથમાં મૂકી અને બે વાછરડા રથને જોડીને રાજા આગળ ચાલવા લાગ્યો. કેટલેક દૂર ગયા પછી રાજાના મનમાં શંકા ઉત્પન્ન થઇ કે 'રથનો અવાજ સંભળાતો નથી, તો શું ભગવાન નથી આવતા ?' આમ શંકાથી રાજાએ પાછું વાળીને જોયું તેથી તરત જ રથ મૂર્તિ નીચેથી આગળ નીકળી ગયો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અને મૂર્તિ આકાશમાં સ્થિર થઇ ગઇ ત્યાં વડના**[૧૧] **ઝાડ નીચે સાત હાથ ઊંચે આકાશમાં અદ્ધર રહેલી ભગવાનની પ્રતિમા જોઇને લોકો 'અંતરિક્ષપાર્શ્વનાથ' કહેવા લાગ્યા.**

રસ્તામાં જ પ્રતિમાજી સ્થિર થઇ જવાને લીધે ખિન્ન થયેલા રાજાએ ફરીથી ધરણેંદ્રની આરાધના કરી. ધરણેંદ્રે કહ્યું કે—'આ પ્રતિમા અહીંઆ જ રહેશે' તેથી રાજાએ ત્યાં જ એક લાખ મુદ્રા( સિક્કા ) ખર્ચીને રંગમંડપથી સુશોભિત વિશાલ [૧૨]ચૈત્ય કરાવ્યું. સંપૂર્ણ થયેલા મંદિરને જોઇને રાજાએ વિચાર કર્યો કે અહો ! આ મંદિરથી મારું નામ કાયમ થઇ જશે-ચિરકાળ સુધી ચાલશે. રાજાના મનમાં આ જાતનું અભિમાન ઉત્પન્ન થવાથી રાજાએ મંદિરમાં પધારવા માટે પ્રતિમાજીને પ્રાર્થના કરી તો પણ પ્રતિમાજી મંદિરમાં પધાર્યાં નહીં. આથી ખિન્ન થયેલા રાજાએ ધરણેંદ્રનું સ્મરણ કર્યું પણ રાજાના અભિમાનથી ધરણેંદ્ર પણ ન આવ્યા તેથી અતિખિન્ન થયેલા રાજાએ મંત્રીને પૂછયું કે—ભગવાન ચૈત્યમાં આવતા નથી માટે શું કરવું ? મંત્રીએ વિચાર કરીને કહ્યું કે—રાજન્ ! એક ઉપાય છે. સર્વશાસ્ત્રોમાં વિશારદ, અનેક રાજાઓને માન્ય તથા દેવીની જેમને સહાય છે એવા **અભયદેવ** નામના આચાર્ય છે. કર્ણ જેવા પરાક્રમી ગુજરાત દેશના **કર્ણ** ( સિદ્ધરાજ જયસિંહના પિતા ) રાજાએ તેમને '**મલ્લધારી**' એવી મહાપદવી આપી છે. ગયા જ વર્ષે આ આચાર્ય ખંભાતના સંઘ સાથે ( કુલ્પાકજી તીર્થમાં રહેલા ) માણિક્ય **દેવની** યાત્રા કરવા માટે આ બાજુ પધાર્યા છે. અને હમણાં તેઓ દેવગિરિ( આજનું **દૌલતાબાદ** )માં બિરાજે છે. જો કોઇ પણ રીતે તેઓ અહીંઆ પધારે તો નક્કી તમારું કામ સિદ્ધ થશે.'

આ પ્રમાણે મંત્રીનું કથન સાંભળીને રાજાએ મંત્રીદ્વારા ગુરુ મહારાજની ત્યાં પધરામણી કરાવી. આકાશમાં અદ્ધર રહેલી પ્રતિમા જોઇને આચાર્ય મહારાજને પણ ઘણું આશ્ચર્ય થયું. રાજાના મુખેથી બધી વાત સાંભળીને તેમણે અટ્ઠમ કરીને ધરણેંદ્રનું સ્મરણ કર્યું. ધરણેંદ્રે આવીને આચાર્ય મહારાજને કહ્યું કે 'આ જિનમંદિર બંધાવીને રાજાએ મનમાં ઘણો મદ ( અભિમાન—ગર્વ ) કર્યો છે, તેથી રાજાના મંદિરમાં આ મૂર્તિ નહીં પધારે પણ સંઘે બંધાવેલા મંદિરમાં જ પધારશે.' ધરણેંદ્રનું વચન સાંભળીને આચાર્ય મહારાજે શ્રાવક સંઘને બોલાવીને કહ્યું કે-શ્રાવકો ! તમે અહીં જલ્દી નવું મંદિર બંધાવો. તમે બંધાવેલા મંદિરમાં પ્રતિમા પધારશે. આચાર્ય મહારાજનું વચન સાંભળીને તેમની સાથે આવેલા શ્રદ્ધાળુ અને ભક્તિમાન શ્રાવકોએ મળીને જિનમંદિર બંધાવ્યું.

પછી આચાર્ય મહારાજની સ્તુતિથી અધિષ્ઠાયક દેવે જેમાં સંક્રમણ કરેલું છે એવા ( દેવાધિષ્ઠિત ) શ્રી અંતરિક્ષપાર્શ્વનાથ ભગવાને સર્વજનોના દેખતાં આકાશમાંથી ઉતરીને શ્રાવકોએ બંધાવેલા ચૈત્યમાં સ્વયં પ્રવેશ કર્યો. ત્યાં પણ ભૂમિથી સાત આંગળ ઊંચે અદ્ધર રહેલા ભગવાનની વિ૦ સં૦ ૧૧૪૨ ના મહાસુદ પંચમીને રવિવાર ને દિવસે વિજયમુહૂર્તમાં આચાર્ય મહારાજે વિધિપૂર્વક પ્રતિષ્ઠા કરી. સાથે ભગવાનની આગળ ડાબે પડખે તીર્થરક્ષા માટે આચાર્ય મહારાજે શાસનદેવની પણ સ્થાપના કરી.

૧૧ આ વડ અત્યારે પણ ગામ બહાર આપણા મંદિરના તાબાના બગીચામાં બતાવવામાં આવે છે,
૧૨ રાજાએ બંધાવેલું આ મંદિર અત્યારે પણ ગામ બહાર આપણા મંદિરના તાબામાં બગીચામાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તત્ત્વાવબોધ

( લેખક–આચાર્ય મહારાજશ્રી વિજયકસ્તૂરસૂરિજી )

( ગતાંક પૃષ્ઠ ૫૪ થી ચાલુ )

આ જીવે અનંતા ભવોમાં અનંતી અશાતા ભોગવી છે અને અનંતી અશાતા ભેગી કરી રાખી છે, તો તે ભોગવ્યા સિવાય છૂટકો નથી. સ્વાધીનપણે તો ભોગવવી ગમતી નથી, તો પછી પરાધીનપણે તો ભોગવવી પડશે જ. ગમે તેટલા બાહ્ય ઉપચાર કરીએ તેથી કાંઇ અશાતા ટળી શકતી નથી પણ દબાઇ જાય છે. તે પછી કાળાંતરે જુદા સ્વરૂપમાં ભોગવવી પડે છે. પ્રભુએ બતાવેલા ઉપચાર કરવાથી મૂળમાંથી નાશ પામી જાય છે. પણ તે ઉપચારો ઉપર આપણને અણગમો રહે છે. બીજા જીવોને અશાતા આપ્યા સિવાય બાહ્ય ઉપચાર થઇ શકતા નથી. અને બીજા જીવોને અશાતા આપી શાતા મેળવવી તે વિષ ખાઇને જીવવા જેવું છે. આભ્યંતર ઉપચારમાં બીજા જીવોને શાતા આપીને શાતા મેળવવાની છે, માટે તે ઉચિત ઉપચાર છે. આ શાતા આપીને શાતા મેળવવારૂપ આભ્યંતર ઉપચાર કરીને અનંત આત્માઓ અનંતી શાતા મેળવીને નિર્વાણ પામ્યા છે. આપણને પણ છેવટે દેહાધ્યાસ છોડીને પ્રભુએ બતાવેલા અશાતા ટાળવાના ઉપચાર કર્યા સિવાય છૂટકો નથી.

આપણે અશાતા વેદનીરૂપ વ્યાધિ મટાડવાને જે ઔષધિનો ઉપચાર કરીએ છીએ તે દેહનો સત્કાર કરીએ છીએ કે જેને એક સાચો જ્ઞાની કરે નહિ, કારણ કે કરુણાસિંધુ પરમગુરુ પ્રભુએ જડ સ્વરૂપ દેહની સુશ્રૂષા કરવાને નિષેધ કર્યો છે. જડની સુશ્રૂષા

---

તે વખતે ઇલચરાજાએ ભગવાનના મસ્તક ઉપર અનેક પ્રકારના રત્નોથી સુશોભિત મુગટ ચડાવીને, કાનમાં કુંડલો પહેરાવીને, કપાલમાં હીરાનું તિલક ચડાવીને, અમૃતવર્ષી ચક્ષુ સ્થાપન કરીને, કંઠમાં મોતીનો હાર પહેરાવીને, અંગે સોનાની આંગી ચડાવીને, મસ્તક પાછળ ભામંડળ સ્થાપન કરીને, મસ્તક ઉપર શ્વેત છત્ર બાંધીને, સંઘવીની માળા પહેરીને તથા ગુરુમહારાજનો વાસક્ષેપ મસ્તક ઉપર નંખાવીને અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરનારી આરતીને ઉતારી. પછી જિન–પૂજા માટે રાજાએ ત્યાં એક નગર વસાવ્યું અને શ્રીમાન (પ્રભુ)-નો વાસ થયો હોવાથી તેનું શ્રીપુર એવું નામ રાખ્યું. જ્યાંથી ભગવાન નીકળ્યા હતા તે કૂવાના પાણીથી બધાને ઉપકાર થાય તે માટે રાજાએ ત્યાં કુંડ બંધાવ્યો. રાજાની વિનંતિથી ત્યાં ચાતુર્માસ કરીને પછી ભવ્યજીવોને પ્રતિબોધતા ગુરુમહારાજ મલધારી શ્રી અભયદેવસૂરિજી અન્યત્ર વિહાર કરી ગયા.

( આ પ્રમાણે અંતરિક્ષજી સંબંધી સર્વ ઇતિહાસ જણાવીને **પદ્માવતી** દેવીએ ભાવવિજયજી ગણીને કહ્યું કે—) માટે હે **ભાવવિજય!** તું પણ તે જ શ્રી **અંતરિક્ષપાર્શ્વનાથ** પ્રભુજીનો આશ્રય લે કે જેથી તારી ચાલી ગયેલી બંને આંખો તને ફરીથી પ્રાપ્ત થશે."

( શ્રી ભાવવિજયજી ગણી શ્રી અંતરિક્ષપાર્શ્વનાથ સ્તોત્રમાં જણાવે છે કે–) આ પ્રમાણે પદ્માવતી દેવીની રાત્રે વાણી સાંભળીને મેં ગુરુભાઇ તથા શ્રાવકોને બધી હકીકત કહી. પછી ત્યાંથી શ્રાવકોનો સંઘ સાથે લઇને અમે વિહાર કરતા અનુક્રમે શ્રી **અંતરિક્ષપાર્શ્વનાથ** ભગવાન છત્રછાયામાં દર્શનાર્થે પહોંચી ગયા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવામાં અનેક જીવોને અશાતા આપવી પડે છે અને તેટલા માટે જ આત્માની અનહાર અવસ્થા પ્રગટ કરવાને પ્રભુ ભલામણ કરે છે. અને પોતે પણ સાડાબાર વરસ આહારનો ત્યાગ કર્યો છે. તેમજ અનેક પ્રકારના પરિષહોતણા ઉપસર્ગો આવવા છતાં પણ તેને ટાળવાના ઉપાયો કરીને દેહનો આદરસત્કાર કર્યો નથી. પ્રભુએ સાચી રીતે જાણીને જણાવ્યું છે કે—અનંત જ્ઞાનદર્શન–ચારિત્રમય સ્વધર્મી આત્માઓને અશાતા આપીને વિધર્મી જડનો સત્કાર કરવાથી સમ્યગ્ જ્ઞાન–દર્શન–ચારિત્રની હાનિ થાય છે અને જડ સ્વરૂપ કર્મોથી છૂટી શકાતું નથી. જ્યાંસુધી આપણે જડનો સત્કાર કરતા રહીશું ત્યાંસુધી જડથી છૂટકારો થવાનો નથી, પરંતુ પુન્યની ખામીને લઇને આપણને દેહાદિ સાધનો ઘણાં જ નબળાં મળ્યાં છે તેમજ ચારિત્રમોહનીયનો પણ પુષ્કળ ઉદય છે. એટલે આ જીવનમાં આપણે એટલી ઊંચી કોટિએ પહોંચી શકીએ તેમ નથી. તોપણ આપણાથી બનતું કરવું અને દર્શનશુદ્ધિ માટે પ્રયાસ કરવો, કારણ કે દર્શનશુદ્ધિ વગર આહારત્યાગ કે ઔષધત્યાગ બધુંયે છાર ઉપર લીંપણ જેવું છે. કેવળ જનતાની પાસેથી ત્યાગનું માન મેળવવાના આશયથી થાય છે કે જેનું ફળ નજીવું જેવું છે.

અધ્યવસાયની શુદ્ધિ સિવાય અથવા તો આત્માનંદ બની પુદ્ગલાનંદપણું છોડયા સિવાય આત્મા આગળ વધી શકે નહિ, અર્થાત્ પોતાનું સ્વરૂપ મેળવી શકે નહિ. અને તે શુદ્ધિ ચારિત્ર મોહનીયના ક્ષય કે ક્ષયોપશમ સિવાય થઇ શકે નહિ. અર્થાત્ ચારિત્રના પરિણામ થાય નહિ કે જેને છઠું ગુણસ્થાન કહેવામાં આવે છે. અત્યારે જે આપણે સાંભળીએ છીએ કે અમુકને ચારિત્રના પરિણામ થયા અને ચારિત્ર લીધું તે એક ખોટી ભૂખ લાગે અને ખાવા જેવું છે. માણસને ખોટી ભૂખ લાગે છે અને ખાય છે ત્યારે તેને અજીર્ણ થાય છે. કારણ જઠરાગ્નિ મંદ હોવાથી પચતું નથી તેમ ચારિત્ર મોહનીયના ક્ષયોપશમ સિવાય ખોટી ભૂખની જેમ ચારિત્ર લેવાના પરિણામના ભ્રમથી ચારિત્ર લે છે તેઓ ક્ષયોપશમના અભાવે પુદ્ગલાનંદીપણે રસ ગૌરવતા, શાતા ગૌરવતામાં લીન રહે છે. બહાર પ્રસિદ્ધિ મેળવવાને, નામના મેળવવાને, ઉત્કૃષ્ટ ચારિત્રી કહેવડાવવાને અથાગ પ્રયત્ન કરે છે. અને કષાયોનો અત્યંત આદર કરે છે. તેમજ મિથ્યાભિમાનથી આત્માને અભડાવે છે. પરિણામ હોય કે ન હોય, શકિત હોય કે ન હોય તો પણ આપણો વ્યવહાર છે, લોકો ધર્મ પામે એમ કહીને આઠમ ચૌદશ ઉપવાસ કરે છે. છઠ્ઠ, અઠ્ઠમ અઠાઇ, માસખમણ આદિ તપ કરે છે. પૌષધ, પ્રતિક્રમણ, પ્રતિલેખન આદિ ક્રિયા કરે છે—આ બધુંએ કરવા છતાં અંતરંગથી તદ્દન કોરા હોય છે અને જે કાંઇ કરે છે તે પોતાની પ્રશંસા કરાવવાને કરે છે. આવાં માણસોમાંથી જો ભૂલ કાઢવામાં આવે તો તરત ચીડાઇ જાય છે, ક્રોધિત થઇ જાય છે, કારણ કે આવા માણસોમાં કામ, ક્રોધ, મદ તથા મોહનું દબાણ હોવાથી મિથ્યાભિમાન ઘણું જ રહેલું હોય છે અને જનતાને ઉપરથી ત્યાગનો ડોળ બતાવે છે તે કેવળ પોતાની પ્રશંસા કરાવવાને તથા પોતાને ઉત્કૃષ્ટ અને બીજાને શિથિલ કહેવડાવવાને માટે જ હોય છે. દર્શનમોહ તથા ચારિત્રમોહના ક્ષયોપશમવાળા સાચા ત્યાગી—આત્માનંદી પુરુષો તો વિરલા જ હોય છે.

અસ્તુ, આત્માનંદીઓ તો દર્શનમોહના ક્ષયોપશમ માટે પ્રયાસ કરી દર્શનશુદ્ધિ કરે છે, નિર્જરા માટે યથાશકિત તપ કરે છે, કષાય વિષય જેમ બને તેમ ઓછા કરી નાખી રાગદ્વેષનું બળ ઘટાડે છે, સમભાવી બનવા પ્રયાસ કરે છે. ડોળ આડંબર કરતા નથી તેમજ સારા કહેવડાવવા કાંઇપણ ન કરતાં સારા બનવા દરેક પ્રવૃતિ કરે છે અને યથાશકિત આત્મશ્રેયના માર્ગે ચાલે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ अर्हं नमः

# ભગવાનને કોણ વહાલું છે?

એવા ભકતો ભગવાનને વ્હાલા નથી—એ રાગ.

માયામાં નવ લોભે, ભક્ત મંડલમાં જે શોભે
એવા ભકતો ભગવાનને વ્હાલા અતિ (ટેક)
દયાને દિલમાં ધારે, જન્મીને આ સંસારે—એવા.
સદાયે સત્ય ભાખે, પ્રભુ ભીતિ મનમાં રાખે—એવા.
ચાલે ધર્મને ચીલે, પ્રભુ આજ્ઞાને જે ઝીલે—એવા.
ભૂલે ન કદી નીતિ, સમજે વ્હેવારની નીતિ—એવા.
જે પર ઉપકારે ધાતા, પરનિંદાથી દૂર થાતા—એવા.
સુખ દુઃખમાં બનતા ભાગી, જે સદાચારના રાગી—એવા.
જે પવિત્રતાને પાળે, કામ ક્રોધ હૃદયથી ટાળે—એવા.
પામી માનવ દેહ, સત્કર્મો દીપાવે જેહ—એવા.
મોહ મમતા જેણે ટાળી, દુષ્ટ વૃત્તિ દિલથી બાળી—એવા.
સંસારી તોએ ત્યાગી, પ્રભુ ભજને લગની લાગી—એવા.
સોહં સોહં જપતા, પ્રભુ દર્શનમાં ચિત્ત ધરતા—એવા.
જનતાની સેવા કરતા, પાપોથી નિત્ય ડરતા—એવા.
મારું તારું મૂકી, પ્રભુ ચરણે રહેતા ઝૂકી—એવા.
આત્મસ્વરૂપ નિહાળી, મિથ્યા અભિમાનને બાળી—એવા.
ચિદાનંદ જે રાચે, પ્રભુ આગળ થનગન નાચે—એવા.
સત્ય ચિત્ત આનંદમાંહી, પ્રભુ સ્મરતા જ્યાંહી ત્યાંહી—એવા.
વિનય ગુરુકૃપાએ, જીવનવિજય જગ થાવે—એવા.

રચયિતા—વિનયવિજયજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનાગમિક સાહિત્યનો ઇતિહાસ.

## ( એક યોજના )

[ લે. પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ. ]

જેમ દેહને પોષણ માટે સ્થૂલ આહારની આવશ્યકતા રહે છે તેમ ઉચ્ચ પ્રકારનું-મનુષ્યને છાજે તેવું જીવન જીવવા માટે-આત્માની સાચી ઉન્નતિ સમજવા અને સાધવા માટે કલ્યાણકારી સંસ્કૃતિનું તેમજ શિષ્ટ અને મંગળમય સાહિત્યનું સેવન અનિવાર્ય છે. સદ્‌ભાગ્યે જૈન સંસ્કૃતિ અને સાહિત્યની અમૂલ્ય સામગ્રી થોડીઘણી પણ અદ્યાપિ સચવાઈ રહી છે. આ સામગ્રીની રજૂઆત સમુચિત સ્વરૂપે અને સમગ્રપણે થવી ઘટે. આ દિશામાં સાહિત્યને અંગે તો છૂટાછવાયા પ્રયાસો થયા છે; બાકી જૈન સંસ્કૃતિના ઇતિહાસનાં હજી પગરણ પણ જેવાં જોઇએ તેવાં મંડાયાં હોય એમ જણાતું નથી. આમ હોવા છતાં અત્યારે તો " જૈન સાહિત્યનો ઇતિહાસ " એ વિષયને પરિપૂર્ણ બનાવવા માટે એક પગલું ભરવા હું તૈયાર થયો છું.

જૈન સાહિત્યનો સર્વાંગીણ ઇતિહાસ યથાયોગ્ય અનુકૂળતાના અભાવે એકલે હાથે રચી શકાય તેમ ન હોવાથી આ સાહિત્યનો ભિન્ન ભિન્ન દૃષ્ટિએ વિભાગ પાડી એ કાર્ય મેં હાથ ધર્યું છે. જેમકે આજથી દસેક વર્ષ ઉપર મેં **આર્હત્ આગમોનું અવલોકન યાને તત્ત્વરસિકચન્દ્રિકા** ( ભા. ૧ ) તૈયાર કરી સને ૧૯૩૯માં એ પ્રસિદ્ધ કરી આગમિક સાહિત્યના ઇતિહાસના મેં મણ્ડાણ માંડ્યા. એ વર્ષ પછી અંગ્રેજીમાં **જૈનોના આગમિક સાહિત્યનો ઇતિહાસ** એ નામનું મે પુસ્તક લખ્યું અને છપાવ્યું. એ સમયે જૈનોના આગમિક સાહિત્ય સિવાયનું બાકીનું-અનાગમિક સાહિત્ય શું છે તેનો વિચાર કરી એને ઉદ્દેશીને એક કૃતિ તૈયાર કરવા માંડી. રૉયલ કદમાં લગભગ ૫૦૦ પૃષ્ઠમાં છપાવવા માટે પાંચ હજાર ( ૫૦૦૦ ) રૂપિયાનો ખર્ચ થશે એવા અંદાજ સાથે મેં મુંબઇ વિદ્યાપીઠને પ્રકાશન-દાન માટે અરજી કરી. મને એ જણાવતાં આનંદ થાય છે કે આ વિદ્યાપીઠે મને રૂ. ૫૦૦નું પ્રકાશન-દાન ( Publication-grant ) નીચે મુજબની શરતે આપવાનું ઠરાવ્યું છે.

અઢાર માસમાં પુસ્તક છપાવી તેની ત્રણ નકલ મારે આ વિદ્યાપીઠને આપવી અને ઉપર્યુક્ત રકમને અંગે એનો આભાર માનવો.

આ પરિસ્થિતિમાં મારે બાકીની ( રૂ. ૪૫૦૦ જેટલી ) રકમ ઊભી કરવાની રહે છે. એટલે એ માટે મારો પ્રયાસ ચાલુ છે. અત્યાર સુધી તો મને મારા આ પ્રયાસમાં નહિ જેવી સફળતા મળી છે, છતાં સફળતાની આશા રાખી મેં પુસ્તક તૈયાર કર્યું છે. એ માટેની મારી યોજના શી છે તે હું સૂચવું છું અને સાથે સાથે આ યોજના જેમને પસંદ પડે તેઓ બને તો જાતે અને નહિ તો પછી અન્ય દ્વારા આ પુસ્તકના પ્રકાશનના ખર્ચને હું પહોંચી વળું એવો પ્રબંધ-ઉત્તેજનાર્થે આર્થિક સહાયતાનો પ્રબંધ વેળાસર કરવા કૃપા કરે. મેં આગમિક સાહિત્યનો ઇતિહાસ અંગ્રેજીમાં લખ્યો છે એટલું જ નહિ પણ એ છપાવ્યા બાદ **આગમોનું દિગ્દર્શન** એ નામનું પુસ્તક ગુજરાતીમાં તૈયાર કરી એને પણ બે વર્ષ થયાં પ્રસિદ્ધિમાં મૂક્યું છે. આથી હાલ તુરત તો આ વિષયને પરિપૂર્ણ ન્યાય આપવાની બાબત બાજુ ઉપર રાખી ઉપર્યુક્ત અંગ્રેજી પુસ્તકના બીજા સંસ્કરણની વાત મોકૂફ રાખી અના-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગમિક સાહિત્યના ઇતિહાસના પ્રકાશન માટે વિચાર કરવો મને ઉચિત જણાયો છે. આ કાર્ય જો બનશે તો સમગ્ર જૈન સાહિત્યની ઘેરી કે આછી રૂપરેખા આલેખ્યાનો મને સંતોષ મળશે.

અત્યારે **પાઇય ( પ્રાકૃત ) ભાષાઓ અને સાહિત્ય** એ નામનું પુસ્તક છપાય છે. એમાં અનાગમિક સાહિત્યની કેટલીક સામગ્રી મેં રજૂ કરી છે. એમાં ગુજરાતીમાં પાઇય કૃતિઓ પૂરતી વાતો વિચારાઇ છે. આંતરરાષ્ટ્રીય દૃષ્ટિએ જૈન સાહિત્યનું મૂલ્યાંકન કરાવવામાં સુગમતા કરી આપવાનો મારો મનોરથ સફળ થાય એ હેતુથી મેં અંગ્રેજીમાં પ્રસ્તુત પુસ્તક રચ્યું છે.

**પાઇય ( પ્રાકૃત ) ભાષાઓ અને સાહિત્ય** એ નામનું મારું પુસ્તક છપાવવું શરૂ થયું ત્યાર બાદ મને **જૈનોનાં સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ** એ નામનું પુસ્તક તૈયાર કરવાનું મન થયું અને મેં આ દિશામાં થોડીક પ્રગતિ કરી ત્યાં તો **ગુજરાતી સાહિત્યના સર્જન–વર્ધનમાં જૈનોનો ફાળો** દર્શાવતું પુસ્તક લખવાનો વિચાર સ્ફુર્યો પરંતુ આ કાર્ય માટે પૂરતો સમય ન હોવાથી એ તો મંદ ગતિએ ચાલે છે.

અનાગમિક સાહિત્ય એટલે કેવળ શ્વેતાંબરોની જ કૃતિ નહિ. જો કે એની મુખ્યતા ઇત્યાદિ ખરી. જે જૈન આગમો આજે મળે છે તેની સાથે રૂઢિચુસ્ત દિગંબરોને કંઇ લેવાદેવા નથી એટલે આગમિક સાહિત્ય એ શ્વેતાંબરોની જ સંપત્તિ હોવાથી એના ઇતિહાસમાં કેવળ શ્વેતાંબર કૃતિઓનો જ નિર્દેશ મળે એ સ્વાભાવિક છે. **દસવેયાલિય**ની ટીકા જેવી કોઈ કૃતિ તો વિરલ જ ગણાય. અનાગમિક સાહિત્યની વાત જુદી છે. એમાં દિગંબર-કૃતિઓને પણ સ્થાન છે. વળી આ સાહિત્ય એટલે અર્દ્ધમાગધીમાં રચાયેલ આગમો અને એના ઉત્તર ભારતની માનનીય ભાષાઓમાં ગૂંથાયેલા સંસ્કૃત ઇત્યાદિ ભાષામાંનાં વિવરણોની જ કૃતિઓ એમ નહિ, પણ ખાસ કરીને અદ્ધમાગહી સિવાયની મરહટ્ટી, સોરસેણી અને અરહટ્ટ ભાષાની કૃતિઓ તેમજ સંસ્કૃત, ગુજરાતી વગેરે કૃતિઓ ઉપરાંત કાનડી અને તામિલ જેવી દ્રાવિડ ભાષાઓમાં ગૂંથાયેલી કૃતિઓનો પણ આમાં સમાવેશ થાય છે. આમ ભાષા અને સંપ્રદાય એ બંને દૃષ્ટિએ અનાગમિક સાહિત્યની યોજના વિચારવા જેવી છે. વળી વિષયોનો પણ પ્રદેશ વ્યાપક અને વિવિધતાપૂર્ણ છે, કેમકે એમાં કેવળ ધાર્મિક બાબતોને જ સ્થાન નથી; પણ ધર્મ નિરપેક્ષ અલબત્ત ધર્મવિરોધી નહિ એવી બાબતો પણ છે જ.

આ પરિસ્થિતિને લક્ષ્યમાં રાખી મેં જે યોજના કરી છે તેની આછી રૂપરેખા હું આલેખું છું.

સૌથી પ્રથમ જૈન અનાગમિક સાહિત્યને શ્વેતાંબરીય સાહિત્ય અને દિગંબરીય સાહિત્ય એમ બે ખંડોમાં વિભક્ત કરવાનો વિચાર આવ્યો હતો. કેમકે આ પદ્ધતિએ મેં ભાંડારકર પ્રાચ્યવિદ્યા સંશોધન મંદિર( પૂના )માં જે મુંબઇ સરકારની જૈન હાથપોથીઓ છે તેનું વર્ણનાત્મક સૂચીપત્ર આજથી વીસ વર્ષ ઉપર શરૂ કર્યું હતું ( અને ત્રણ વર્ષમાં એ કાર્ય પૂર્ણ કર્યું હતું, જો કે અત્યાર સુધીમાં લગભગ ત્રીજા ભાગ જેટલું જ મારું લખાણ પ્રસિદ્ધ થયું છે ) આજે આ વિચાર મેં જતો કર્યો છે, કારણ કે એથી એક તો જૈન સાહિત્યના વિકાસનો ઇતિહાસ કેટલેક અંશે નાહક બેવડાય છે અને બીજું, એક બીજાનાં પૂરક અંગોની એક સાથે રજૂઆતની વાત જતી કરવી પડે છે.

ભાષાદીઠ સાહિત્યના વિભાગો પાડી એનો ઇતિહાસ લખી શકાય ખરો અને એ દિશામાં ઉપર સૂચવાયા મુજબ મેં થોડો ઘણો પ્રયાસ પણ કર્યો છે પરંતુ પાઇય ( પ્રાકૃત ) યુગ આગળ જતાં સંસ્કૃત યુગથી સર્વથા અલિપ્ત ન રહેતાં એનો સંપર્ક સાધે છે એ વાત વિચારતાં મેં પ્રસ્તુત પુસ્તક માટે આ યોજના પસંદ કરી નથી. આમ બે માર્ગ છોડી મેં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રીજો જ માર્ગ ગ્રહણ કર્યો છે ( જો કે સૈકા પ્રમાણે કૃતિઓના નિર્દેશને તો અહીં પણ સ્થાન છે ) અને એનો વિષયો સાથે સંબંધ છે. સાહિત્યના વિષયોના વૈવિધ્યને લક્ષીને લલિત અને લલિતેતર એમ એના મુખ્ય બે વિભાગ પડાય છે.

જૈન અનાગમિક સાહિત્ય એટલે દ્રવ્યાનુયોગ ઇત્યાદિ ચારે અનુયોગોને રજૂ કરતું સાહિત્ય. આમ હોવાથી એનો અનુયોગ દીઠ વિચાર થઇ શકે, પણ એ માર્ગ અહીં જતો કરાયો છે, જો કે વિષય દીઠ વિચાર કરાયો છે. આથી અનુયોગને અનુલક્ષીને ચાર ખંડ ન મળતાં મેં પ્રસ્તુત પુસ્તકના મુખ્ય બે ખંડો પાડ્યા છે. ( ૧ ) સાર્વજનીન સાહિત્ય અને ( ૨ ) સાંપ્રદાયિક સાહિત્ય, જૈનોને તેમજ અજૈનોને પણ એક સરખી રીતે વ્યવહારમાં કામ લાગે એવા ધર્મનિરપેક્ષ વિષયોનો વૈજ્ઞાનિક વિષયોનો પહેલા ખંડમાં સમાવેશ થાય છે. સ્પષ્ટ શબ્દોમાં કહું તો વ્યાકરણ, કોશ, છંદ, અલંકાર, ગણિત, સંગીત, શિલ્પ, શિલાલેખ ઇત્યાદિ વિષયો પહેલા ખંડમાં ચર્ચાયા છે. આ સિવાયના સાહિત્યને અંગે બીજો ખંડ છે. એના મુખ્ય ત્રણ ઉપખંડો છે. ( ૧ ) દાર્શનિક સાહિત્ય, ( ૨ ) કથાત્મક સાહિત્ય અને ( ૩ ) વિધિ-વિધાન. દાર્શનિક સાહિત્યમાં તત્ત્વજ્ઞાનની વિવિધ શાખાઓને લગતી કૃતિઓનો અંતર્ભાવ થાય છે. આથી એવા ન્યાય, જ્ઞાન-મીમાંસા, કર્મ-સિદ્ધાન્ત, જીવવિચાર, ગુણસ્થાનક્રમારોહ ઇત્યાદિ મુખ્ય મુખ્ય વિભાગો પાડી એના સૈકાદીઠ વિકાસની રૂપરેખા આલેખી છે. આ સળંગ ઇતિહાસ રજૂ કરતી વેળા મેં તે તે સૈકામાં થયેલા સામાન્ય લેખકોની ને તે વિષયની કૃતિઓની સંક્ષેપમાં પૃથક્ નોંધી લીધી છે.

દાર્શનિક સાહિત્ય એ જૈન જીવનનો પાયો હોવાથી-શ્રમણ સંસ્કૃતિની એ જાગતી અને જીવતી જ્યોતિ હોવાથી મેં મારા પુસ્તકના પ્રારંભમાં એને સ્થાન આપ્યું છે; બાકી કથાત્મક સાહિત્યથી શરૂઆત કરી હોત તો સામાન્ય વાચકને આ પુસ્તક વિશેષતઃ રોચક થાત, પણ હળવા અને મનોરંજક સાહિત્યની મુખ્યતાવાળું આ પુસ્તક ન હોવાથી લલિત સાહિત્યને આદ્ય સ્થાન આપવાનો મોહ શા કામનો?

એ જાણીતી વાત છે કે દરેકને દરેક વિષયમાં સરખો રસ પડતો નથી. વળી ગણિત જે સામાન્ય રીતે શુષ્ક વિષય ગણાય છે તે મારો અતિ પ્રિય વિષય છે. ગહન તત્ત્વજ્ઞાન પણ મને આકર્ષે છે તો મારા જેવા વિચારકો પણ આ જગતમાં છે ને અંતે તો દ્રવ્યાનુયોગની પરાકોટિએ કેવલજ્ઞાન પ્રાપ્ત કરવાનું છે તો ગંભીર વિષયથી શરૂઆત કરતાં ભલે કેટલાકને રસ ન પડે તેથી શું ? એ વિચારી મેં આ યોજના પસંદ કરી છે. વિશેષમાં જેમને કથાત્મક સાહિત્ય જ રુચિકર છે તે આ વિષયને લગતાં પ્રકરણો છોડીને વાંચે એવી આની વ્યવસ્થા છે.

કથાત્મક સાહિત્ય એટલે શું એ કહેવું પડે તેમ નથી, એટલે રૂપક સાહિત્યનો પણ આમાં સમાવેશ થાય છે એટલું જ સૂચન બસ થશે. કથાત્મક સાહિત્ય મનોરમ પદ્યોમાં તેમજ પ્રવાહી અને હૃદયંગમ ગદ્યમાં રચાયેલું હોવાથી કાવ્યરસિકોને એ આનંદ આપશે. આના પછી ભક્તિ-સાહિત્યને-જાત જાતનાં સ્તુતિ-સ્તોત્રોને મેં સ્થાન આપ્યું છે. જોકે જે સ્તોત્રો દાર્શનિક સાહિત્ય તરીકેની ગણનાને પાત્ર છે તેનો તો મેં પ્રથમ ખંડમાં દાર્શનિક કૃતિઓ તરીકે નિર્દેશ કર્યો છે.

જ્ઞાનનું સાચું ફળ વિરતિ છે. સાવદ્ય પ્રવૃત્તિઓથી આત્માને બચાવવો એ જૈન ધર્મનું ધ્યેય છે અને એની સિદ્ધિનો રાજમાર્ગ તે અભિનિષ્ક્રમણ સંન્યાસ છે. આને લઇને તો કથાત્મક સાહિત્યનો મોટો ભાગ ઉપદેશાત્મક છે, નહિ કે કેવળ રંજનાત્મક. વળી જ્યારે સદાચાર એ જ જ્ઞાનની સાચી આરાધના છે તો પછી શ્રમણોની સામાચારીઓ, શ્રાવકોનાં વ્રત નિયમો અને દીક્ષાદિનાં વિધિ-વિધાનો આલેખ્યા વિના જૈન સાહિત્યનો અને આર્યભારતીય સંસ્કૃતિનો ઇતિહાસ અપૂર્ણ જ ગણાય ને ? આથી મેં આ દિશામાં પણ થોડોક પ્રયાસ કર્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચારુશીલા રમણીરત્નો.

## ભગવતી રાજીમતી.

( લેખકઃ—મોહનલાલ દીપચંદ ચોકસી. )

### સ્નેહનો છુપો સંદેશ—

સખી મૃગલોચના ! આજે એકાએક ઉપવનમાં આ પ્રકારની મીજલસ ગોઠવી નાંખવા પાછળ શો હેતુ છે ? ગઇ કાલે સંધ્યાકાળે આપણે છૂટા પડ્યા ત્યાં સુધી તેં આ વાતનો ઇશારો સરખો પણ કર્યો નહોતો.

શશીકલાની વાતને મારું સંપૂર્ણ અનુમોદન છે. આમ તો ચંદ્રાનના અને હું સાવ નજિકમાં રહીએ છીએ છતાં આજે સવારે જ્યારે એ નોતરું દેવા આવી ત્યારે જ મને આ ઉપવન-ઉજાણીની ખબર પડી.

મૃગાંકલેખા બોલી ઊઠી—બ્હેનો, માનો ન માનો પણ આપણી બાળસખી મૃગલોચના હવે આપણાથી કંઇ છુપાવતી લાગે છે. પૂર્વકાળ જેવી તે સરલહૃદયા નથી રહી. દુનિયામાં આપણે જોતાં આવ્યા છીએ કે ' કારણ વિના કાર્ય બનતું નથી ' નાના કિંવા મોટા ઉદ્દેશ વિના અથવા તો પર્વદિન વગર આ પ્રકારની જહેમત ભાગ્યેજ કોઇ સમજુ ઉઠાવે. ભલે એ મ્હોં ન ઉઘાડે છતાં મારું અંતર પોકારે છે કે આજની આ મીજલસ પાછળ જરૂર કંઇક હેતુ છે.

બ્હેનો ! તમોએ જબરી કલ્પનાસૃષ્ટિ રચી દીધી ! અને આ મારી નામરાશીએ તો અનુમાનના તાંતણે ચઢી કાગનો વાઘ બનાવ્યો ! મૃગલોચના સ્મિત કરતાં બોલી અને કહેવા લાગી કે –

---

આ પ્રમાણેની મારી યોજના છે. એની મેં સકારણતા દર્શાવી છે. તેમ છતાં આથી વધારે સારી અને સગવડતાવાળી યોજના સાધાર સૂચવવા કોઇ વિશેષજ્ઞ કૃપા કરશે તો મારી યોજના હું ફરીથી વિચારી જઇશ અને જ્યાં જ્યાં જે ફેરફાર કરવો યોગ્ય જણાશે તે કરીશ.

વિશેષમાં પ્રસ્તુત પુસ્તકને અને તેટલે અંશે ઉપયોગી અને સમૃદ્ધ બનાવવા માટે મેં વિવિધ પરિશિષ્ટો યોજ્યાં છે. દા. ત. ( ૧ ) સંપ્રદાયદીઠ ગ્રંથોની સૂચી. ( ૨ ) ભાષાદીઠ ગ્રંથોની સૂચી. ( ૩ ) ગ્રંથકારોનાં નામો, ( ૪ ) ગ્રંથોની સાલવારી, અને ( ૫ ) પારિભાષિક શબ્દોની સૂચી. અહીં એ ઉમેરીશ કે દાર્શનિકાદિ સાહિત્યના અંગભૂત વિષયોનાં મૂળ કેટલાં ઊંડાં છે. એ તપાસવા માટે મેં આગમોનો આશ્રય લીધો છે અને એ દ્વારા મેં અનાગમિક સાહિત્યનું આગમિક સાહિત્ય સાથે સંધાણ સાંધ્યું છે.

અંતમાં હું થોડીક ચોખવટ કરવા ઇચ્છું છું. પ્રસ્તુત પુસ્તક મારે જ છપાવવું એ માટેનો તમામ પ્રકાશન–ખર્ચ મને જ પૂરો પાડવો એવો મારો આગ્રહ નથી. જો કોઇ દિલના દિલાવર ધનિક કે સમૃદ્ધ સંસ્થા આના પ્રકાશનની પૂરેપૂરી જોખમદારી ઉપાડી લેવા અને આ પુસ્તક તૈયાર કર્યા બદલ મને યોગ્ય પુરસ્કાર આગળથી આપવા તૈયાર થશે તો તેમની એ વાત હું સાનંદ વધાવી લઇશ. બીજું આજે તો આ પુસ્તક અંગ્રેજીમાં મેં લખ્યું છે, પરંતુ જો એ ગુજરાતીમાં મારી પાસે લખાવી છપાવવા કોઇ તૈયાર થશે તો એ કાર્ય હાથ ધરવા હું રાજી છું. મારો અભિલાષ તો એક જ છે કે– " જૈન સાહિત્યનો ઇતિહાસ " સાચી રીતે સંપૂર્ણ તયા એના અધિકારીઓને જાણવા મળે એવો સત્વર અને સક્રિયપણે સ્વીકારાવો જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૃગાંકલેખા, તેં મૂકેલો આક્ષેપ પાયા વિનાનો છે. સાસરીમાં જઈ તું હજુ જ હમણાં જ પાછી ફરી છે એટલે પતિદેવ પાસેની બોંતેર કલામાંથી આ નવિન કલા શીખી લાવી લાગે છે! ન્હાનપણથી આપણે સાથે રમેલા. ભલે તમે પ્રભુતામાં પગલા મૂકયા છતાં આપણા વચ્ચે લાંબો વિરહનો પડ્યો નથી જ. મને એક તો દાખલો બતાવો કે મેં કંઇ તમારાથી છુપાવ્યું હોય. આજે ગોઠવવામાં આવેલા આ સમારંભ સંબંધમાં હું તેમજ ચંદ્રાનના સાવ અજાણ છીએ. ખુદ રાજીમતી પણ એ પાછળનું કારણ જાણતી નથી. સવારે દાસી આવી અને અમો ઉભયને ધારિણી મા પાસે બોલાવી ગઈ. એમનો આદેશ થયો કે ઉપવનમાં આજે રાજીમતીના સખીમંડલની ઉજાણી ગોઠવો અને આનંદપ્રમોદમાં દિન વીતાવો.

મારી આ વાતમાં શંકા પડતી હોય તો પેલી ચંદ્રાનના આવી રહી છે એને પૂછીને ખાતરી કરી લ્યો.

અરે ચંદ્રાનના! આજે આ સમારંભ તો ગોઠવાયો પણ એ પાછળ નિમિત્તરૂપે કોણ છે એ તો જણાવ.

પ્રિયંવદાએ હસતાં હસતાં પૂછયું અને ઉમેર્યું કે–વહેવારમાં કયાં તો જન્મદિનની ઉજવણી થાય છે અથવા તો લગ્નદિન હોય છે તો મનગમતા ગીતો ગવાય છે. અહીં એમાંનું એક પણ નથી કળાતું. રાજીમતીના જન્મને તો વર્ષોના વહાણા વાયા છે અને લગ્ન એ કરશે કે કેમ? અગર કરશે તો એનો મનપસંદ મૂરતીયો મળશે ખરો? એના વિચાર જોતાં વર્તમાન યાદવકોટિમાં મને તો કોઇ દેખાતો નથી. એકાદ પ્રતિ નજર ઠરે છે પણ જે લોકવાયકા સંભળાય છે તે જો ખરી હોય તો કેવલ નિરાશા જ જણાય છે.

ભગિની પ્રિયંવદા, શા સારુ વિચારતરંગો પર ઊડ્યા કરવું? રાણી માતા પોતે રાજીમતીને લઇ અહીં આવવાના છે. કયા કારણે આપણ સર્વને નિમંત્ર્યા છે એ પણ સ્વમુખે કહેવાના છે. ઝાઝી ચિંતાઓમાં અટવાયા વિના આજનો લ્હાવો લઈએ. નારીજાતિને સંસારના વ્યવહારમાં ચિંતાઓ, વિચારણાઓ અને એ પાછળની ઉપાધિઓ તો જન્મ સાથ લખાઈ આવી હોય છે.

ધારિણીદેવી અહીં પધારે તે પૂર્વે તમો તમારા સાસરવાસના અનુભવ કહી સંભળાવો. અમો સાંભળવા ઉત્સુક છીએ.

હા, હા, બેનડીઓ તમોને એ નવા જીવનના કંઇ કંઇ કોડ હોય, કારણ કે તમો હજુ એ પંથે પડ્યા :નથી. બાકી ઘેરે ઘેરે માટીના ચુલા માફક એની નવિનતા થોડા સમય પૂરતી જ. સ્વભાવનું વૈચિત્ર્ય જ્ઞાની ભગવંતના વચનો પ્રમાણે કર્મોને આધીન છે. જે આત્મા એ કર્મોનું સ્વરૂપ સમજીને પડ્યું પાનું નભાવી લેતા શીખે એ જીવનમાં સંતોષ મેળવી શકે. ત્યાં તો ધારિણી રાણીના પગલા થયાં. સૌ તેમના પગે પડયા. તેઓ જે કંઈ કહે એ સાંભળતાં પૂર્વે જરૂરી વાતો પર ઊડતી નજર ફેરવી જઈએ.

ઉત્તર હિંદમાં સૌરીપુર નામા નગર. યાદવોનું મૂળ જન્મસ્થાન. મથુરાના નજિક પ્રદેશમાં સૌરીપુરમાં અંધકવૃષ્ણી અને મથુરામાં ભોજવૃષ્ણી વંશો રાજ્ય કરે. સૌરીપુરમાં દશ ભાઈઓમાં વડિલ ગણાતા સમુદ્રવિજય રાજા અને મથુરામાં ઉગ્રસેન. એ સર્વ રાજગૃહનો સ્વામી. જરાસંધની આજ્ઞામાં વર્તનારા સામન્તો. જરાસંધની પુત્રી જીવરક્ષા ઉગ્રસેનના પુત્ર કંસને પરણેલી. કંસે પૂર્વભવના વૈરને લઇ પિતાને પાંજરે પૂરી મથુરાની ગાદી સંભાળેલી. કંસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોડે સમુદ્રવિજયના નાના ભાઇ વસુદેવને ગાઢ મિત્રતા હતી. વળી ઉપકાર પણ હતો એટલે કંસે રાજ્યાસન પર બેસીને પોતાના મિત્ર વસુદેવ સાથે કાકા એવા દેવકરાજની પુત્રી દેવકીના લગ્ન કર્યા. એ અંગે મથુરામાં મોટો ઉત્સવ કર્યો. એ વેળા જેના લગ્ન આજે ઉજવાય છે. એના સંતાનના હાથે કંસનો વધ થશે એવા શબ્દો કારણ ઉપસ્થિત થતાં એક સાધુજીના મુખમાંથી નિકળ્યા અને એ કારણે જીવયશા અને કંસના રંગમાં ભંગ પડ્યો. ત્યાર પછી જે પ્રપંચ લીલા કંસને આદરવી પડી, એ સામે વસુદેવ અને બળદેવને સાવચેતીપૂર્વક કામ લેવું પડયું અને દેવકીપુત્ર કૃષ્ણનો ઉછેર વૃંદાવનમાં કરવો પડયો. એ સારૂ જિજ્ઞાસુવર્ગે મહાભારતના પાના ફેરવવા જરૂરી છે. મહાત્માની વાણી મુજબ કંસનો વધ શ્રી કૃષ્ણના હાથે થયો. જીવયશા ભાણેજ એવા કૃષ્ણ પર વૈર લેવાની પ્રતિજ્ઞા કરી પ્રતિવાસુદેવ પિતા જરાસંધના દરબારમાં પહોંચી. એ સમયે મગધના એ માલિકનું બળ સર્વોત્તમ હતું. એના ભયમાંથી ઉગારવા દીર્ઘદૃષ્ટિ વાપરી રાજવી સમુદ્રવિજય અને સંબંધથી સંકલાયેલા રાજવી ઉગ્રસેન પોતાના વિશાલ પરિવાર અર્થાત યાદવોની નવ કોટિ સહિત શૌર્યપુરી ( સૌરીપુર )-માંથી ઉચાળા ભરી સૌરાષ્ટ્રમાં પ્રભાસના કાંઠે આવ્યા અને દ્વારામતી નામા નવી નગરી વસાવી રહ્યા. આ વિશાલ નગરીની રિદ્ધિસિદ્ધિ અવર્ણનીય હતી. લંબાઇ પહોળાઇનો વિસ્તાર એટલો બધો હતો કે—એમાં આજનું દ્વારકા—જુનાગઢ અને પ્રભાસપાટણ સમાઇ જાય. ઉગ્રસેન—ધારિણીની એક દીકરી સત્યભામા તો વસુદેવપુત્ર શ્રી કૃષ્ણને પરણી ચૂકી હતી. વળી પૂર્વોપાર્જિત તપના પ્રભાવે ખુદ વસુદેવ પણ એટલા કાન્તિમાન અને સૌન્દર્યશાળી હતા કે જેથી તેઓ સંખ્યાબંધ લલનાઓના ભરથાર થયા હતા. આ બધા વસવાટ જોતાં દ્વારામતીને અડતાલીશ ગાઉની કહેવામાં આવે છે તે વધારે પડતું નથી જ. સમુદ્રવિજય અને શિવાદેવીના પુત્રોમાં શ્રી અરિષ્ટનેમી અને રથનેમી સાથે અહીં સંબંધ હોવાથી વધુ લંબાણ ન કરતાં એક વાત જણાવી ધારણીદેવી શું કહી રહ્યા છે તે સાંભળવા પહોંચી જઇએ.

સમુદ્રવિજય કુટુંબમાં વડીલ હતા પણ જરાસંધના ભય સામે નિમિત્તીયાને પ્રશ્ન પૂછતાં જણાયું હતું કે વસુદેવપુત્ર શ્રી કૃષ્ણ ભલે આજે બાળવયના છે પણ મહાપરાક્રમી છે અને પ્રતિવાસુદેવ જરાસંધથી બીવાનું કારણ નથી, કેમકે કૃષ્ણ વાસુદેવ થવા સર્જાયા છે. પ્રતિવાસુદેવને મારી એ ત્રણ ખંડના ભોક્તા થશે. એ સમય પાકવાને થોડો વિલંબ છે ત્યાં સુધી સાવચેતીથી કામ લેવું. વળી ચૌદ મહાસ્વપ્ન અને ચોસઠ ઇંદ્રોના મહોત્સવથી શ્રી અરિષ્ટનેમી તીર્થંકર થનાર છે એ વાત પણ જાણીતી હતી. કૃષ્ણને યોગ્ય તાલીમ મળે અને સંભાળ રહે એ ખાતર બળભદ્રને ખાસ તેમની જોડમાં રાજવીએ મૂકયા હતા. માતાઓ જુદી હોવ છતાં એક જ પિતાના સંતાનો—એવા એ ઉભય વચ્ચે અત્રૂટ સ્નેહ હોય છે. આ બંધવબેલડીના પરાક્રમોની દ્વારામતીમાં ઠેર ઠેર પ્રશંસા સંભળાતી, પણ જ્યારથી મિત્રોના કહેણથી કુમાર એવા શ્રી અરિષ્ટનેમીએ વાસુદેવનાં આયુધો લીલામાત્રમાં ફેરવ્યા અને પંચજન્ય શંખ ફુંકવારૂપ રમત કરી ત્યારથી એ ઉભયના અંતરમાં નાના એવા નેમીશ્વર રાજગાદીના વારસ બનશે એવી શંકા ઉદ્ભવી. ઉભયે શ્રીનેમિના બળને માપવાનો નિશ્ચય કર્યો અને એક વાર અખાડામાં એકઠા થતાં જ શ્રી નેમી પાસે કૃષ્ણે પ્રસ્તાવ રજુ કર્યો.

ભાઇ, આજે આપણે આપણામાં કોણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વધારે બળવાન છે એની પરીક્ષા કરીએ. એ માટે મલ્લકુસ્તી ખેલીએ.

દ્વારામતીના આ અખાડામાં યાદવ સંતાનો—કુમારો અને કુમારિકાઓ પ્રાતઃકાળમાં આવતા અને દેહને મજબૂત બનાવવાના જૂદા જૂદા પ્રયોગો શીખતા. સમરાંગણમાં કેવી રીતે શસ્ત્રાસ્ત્રો વાપરવા ને શત્રુને કેવા પ્રકારે પરાભવ પમાડવો તે પણ ઉસ્તાદો દ્વારા શીખવાતું. શ્રીકૃષ્ણનો પ્રસ્તાવ સાંભળતાં જ સૌનું ધ્યાન એ તરફ ખેંચાયું. કુસ્તી જોવાનો યોગ પ્રાપ્ત થયો જાણી સૌ નજિક આવી ટોળે મળ્યા. કુમારિકા સમુદાયમાં સખી પ્રિયવંદા સાથે રાજીમતી પણ હતી. નેમીશ્વર ખાસ રોજ આવતા નહોતા પણ આજે આવેલા એ તકનો લાભ ભાવી વાસુદેવે લીધો. સૌના કાન ભાવિ તીર્થપતિના મુખ પ્રતિ ખેંચાયા

ભાઇ, બળની પરીક્ષા કરવી એ તો ક્ષત્રિય કુમારો તરીકે આપણો વ્યવસાય. પણ આપણા સરખા કુલીન સંતાનોને આ સમુદાયની હાજરીમાં ભૂમિ પર આળોટી કુસ્તી કરવી શોભારૂપ ન લેખાય. અરસપરસ ભુજા વાળીએ અને એ દ્વારા બળનું માપ કહાડીયે.

એ વાત પણ ભાઇ તમારી ઠીક છે. તમો ન્હાના એટલે પ્રથમ મારી આ ભુજા વાળો જોઈએ ? એમ કહી શ્રીકૃષ્ણે પોતાનો હાથ લાંબો કર્યો. અનંત બળના સ્વામી એવા શ્રી અરિષ્ટનેમીએ લીલા માત્રમાં એ વાળી દીધો. પછી તેમને પોતાનો હાથ લંબાવ્યો. ખુદ ચક્રવર્તીનું બળ પણ કામ ન લાગે ત્યાં વાસુદેવનું શું ચાલે ? વજ્ર જેવી એ ભુજા વળી શકી નહીં અને વૃક્ષની લાંબી ડાળે જેમ વાંદરો લટકી હીંચોળા ખાય તેમ શ્રીકૃષ્ણ ભુજા પર લટકી પડ્યા ! બળના માપો મપાઇ ગયા. તાળીઓના નાદ સાથે સૌ વિખરાયા. વૃંદમાંની બે વ્યક્તિઓ વારંવાર અરિષ્ટનેમીના ચહેરાને જોઈ રહી હતી. એમાંની એક તે રાજીમતી અને બીજી તે શ્રી કૃષ્ણ પોતે. સખી પ્રિયંવદાની વારંવાર હાકલ પછી જ રાજીમતીએ ઘરનો માર્ગ લીધો હતો. એ વેળા પાછળ નજર કેટલીયેવાર કરી હતી.

હસતાં, હસતાં પ્રિયંવદાએ કહેલું પણ ખરૂં કે—કુંવરીબા, રોજ તો કૌમાર્યના વખાણ કરતા થાકતા પણ નહીં. કેટલીયેવાર જોશપૂર્વક કહેતા કે બ્રાહ્મી–સુંદરી માફક નારીજાતિ પણ કુમારી અવસ્થામાં જીવન વ્યતીત કરી શકે છે. પુરુષ જાતિ સાથે લગ્નગ્રંથીથી જોડાવાની કે એના પ્રેમમાં બુડી જવાની કંઇ જ જરૂર નથી. પુરુષ વર્ગે સ્ત્રી વર્ગ પર સત્તા જમાવી દઇ, પોતાના માટેના દરવાજા ઉઘાડા મૂકી દીધા છે. એ વિના હજારોનું સ્વામીપણું કેમ સંભવી શકે ! અંતઃપુરના કમરા એ પ્રેમના નામે જ ભરાયા છે ને ! એવું કહેનારી સખી રાજુલ ! તું આજે વારંવાર શા માટે નેમિકુમારના મુખને તાકીને જુએ છે ? પુરુષ વર્ગ સામે પડકાર ફેંકનાર વીર રમણી ! કેમ જવાબ દેતી નથી ?

જવાબમાં રાજુલ નિમ્ન શબ્દો બોલી આખે રસ્તે મૌન બનેલી. સખી, ત્હારી વાત સાચી છે. મન એવી રીતે આકર્ષાયું છે કે જેથી દેહની ક્રિયા છુપી રહી શકી નથી. કારણ તો જ્ઞાની કહી શકે.

પુત્રીઓ ! તમોને આજે એકાએક એકઠી કરવાનું કારણ બીજું કંઇ જ નથી. માત્ર તમારી સખી રાજુલને પતિ તરીકે કયો યાદવકુમાર પસંદ છે એ જાણી લેવાનું છે. મારા જમાઇરાજ શ્રીકૃષ્ણનું એના હાથની માંગણી કરવા સારૂ અહીં આગમન થનાર છે. કયા યાદવ કુમાર માટેની આ માંગણી છે તે જણાયું નથી, પણ સત્યભામાએ ખાસ કહેવડાવ્યું છે કે ગમે તેમ કરી આ સંબંધ જોડવો જ જોઇશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૃગલોચના—રાણીજી, રાજુલના વિચારોથી તમો કયાં અજાણ્યા છો ?

ચંદ્રાનના—લગ્ન ન કરવાના ટેકવાળી રાજુલ આજના અમારા કહેણુથી માની જશે અને પસંદગી જણાવશે એ સંભવિત છે ?

જુઓ રાજુલ આવી રહી છે. એ સંભવિત બનાવવા સારુ તમારે કુશળતા દાખવવાની છે. એ કારણે તો કુમારિકા ભેગી થોડી નવપરણિતાઓને બોલાવી છે. જે કળાદ્વારા પુરુષ–હૃદય કબજે કરી શકાય છે, એ કળાને પોતાની નીતિથી એકાદી ઉગતી કુમારિકાને આકર્ષવી એમાં તે શું ભારે કામ છે ?

પ્રિયંવદા—રાણી માતા નિશ્ચિંત રહો. શકુન સારા થાય છે.

## અમારા પ્રકાશન સાહિત્ય ગ્રંથો માટે વિદ્વાન ઇતિહાસ અને ન્યાયનિષ્ણાત મુનિરાજશ્રી જમ્બૂવિજય શું લખે છે?

વૈશાક શુદ ૭

ચાંદા ( સી. પી. ) ( દક્ષીણથી ) **મુનિ જંબૂવિજયજી** તરફથી ધર્મલાભ.

શ્રી આત્માનંદ સભાયોગ ધર્મલાભ વાંચશો. તમારો પત્ર તથા શ્રી **દમયંતી ચરિત્ર, આદર્શ સ્રીરત્નો, જ્ઞાનપ્રદીપ** અને **जैनमतका स्वरूप**—આ ચાર ગ્રંથો મને મળ્યા છે, અને આ પુસ્તકોનો આનંદ સાથે સ્વીકાર કર્યો છે. સભા દિવસે દિવસે જે ઉત્તમ પ્રગતિ કરી રહી છે તે જોઇને મને અપાર આનંદ થાય છે, જૈન સમાજનો સાહિત્ય ખજાનો મહાન અને અનુપમ છે. માત્ર તેને યોગ્ય સ્વરૂપે બહાર મૂકવાની જ જરૂર છે. શ્રી **આત્માનંદ સભા** એ જ ઉદ્દેશથી કાર્ય કરી રહી છે, અને ઉદ્દેશને બરાબર પાર પાડી રહી છે.

ભંડારોમાં ગ્રંથો તો હજારો અને લાખો છે પણ તેનો લાભ સંસ્કૃત ભાષા જાણનાર નાનો વર્ગ જ ઉઠાવી શકે તેમ છે, પરંતુ **આત્માનંદ સભા** તેનો ભાષાનુવાદ કરાવી પ્રત્યેક મનુષ્ય સુધી એમાંનું જ્ઞાનામૃત પહોંચાડે છે એ મોટી આનંદની વાત છે.

**શ્રી અંતરિક્ષજી પાર્શ્વનાથજીનો** મૂળ મંદિરમાં બિરાજમાન પ્રભુનો ફોટો ઘણી જ પ્રશંસાપાત્ર થયો છે, ફોટાની સુંદરતા એ તમારા દીર્ઘકાલીન અનુભવનું અને કુશળતાનું જ પરિણામ છે. આવી રીતે ફોટા કરાવવા વગેરેનું અમો કંઇ જ સમજતા ન હતા, પરંતુ સૌથી પહેલો તમે ઇલોરાની ગુફાઓના રેખાચિત્રનો અમારી કલ્પના કરતાં અનેકગણો સુંદર ફોટો બનાવ્યો ત્યારથી જ અમારો એ પ્રત્યે રસ વધ્યો. આવી ઢબથી પ્રકાશન કરવા બાબત અમારો ઉત્સાહ તમારા સહયોગથી વધી રહ્યો છે.

આ બધા પરિશ્રમ બદલ **શ્રી વલ્લભદાસભાઇને** ધન્યવાદ ઘટે છે.

## વર્તમાન—સમાચાર.

### આચાર્ય મહારાજશ્રી સાગરાનંદસૂરીશ્વરજીનો સ્વર્ગવાસ.

સુપ્રસિદ્ધ આચાર્ય મહારાજશ્રી સાગરાનંદજી તા. ૬–૫–૫૦ શનીવારે સાંજે ૪–૩૨ કલાકે સુરત મુકામે કાળધર્મ પામ્યા છે. તેઓ વયોવૃદ્ધ અને જૈન આગમોનાં જાણકાર હતા. તેઓ ૭૫ વર્ષની ઉંમ્મરે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓશ્રીનાં અથાગ પરિશ્રમથી સુરતમાં શ્રી વર્દ્ધમાન આગમ મંદિર અને પાલીતાણામાં આગમ મંદિર સુંદર શૈલીથી બંધાવવામાં આવ્યા હતા. તેમનાં અવસાનથી ભારતનાં સમસ્ત જૈન સમાજને એક મહાન આચાર્ય મહારાજની ખોટ પડી છે.

આ સભા તરફથી તેમનાં વિદ્વાન શિષ્ય આચાર્ય મહારાજશ્રી માણેકસાગરસૂરિજી મહારાજને અને સુરતનાં શ્રી સંઘ ઉપર તારથી દિલગીરી દર્શાવવામાં આવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ श्रीचिंतामणिपार्श्वनाथाय नमः ॥

॥ श्रीमद् विजयानंदसूरीश्वरजीपादपद्मेभ्यो नमः ॥

# શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગરનો

૫૩ મા વર્ષનો—

# રિપોર્ટ.

(સંવત ૨૦૦૫ ના કારતક શુદ ૧ થી આશો વદિ ૩૦ સુધી.)

## મુખ્ય સેક્રેટરીનું નિવેદન.

**માનવંતા પેટ્રન સાહેબો, પ્રમુખશ્રી અને બંધુઓ,**

દેવગુરુની કૃપાથી દિવસાનુદિવસ પ્રગતિમાન થતી અને પ્રતિષ્ઠા પામતી આ સભાનો ૫૩ મા વર્ષનો રિપોર્ટ, આવક, જાવક (હિસાબ) સર્વ કાર્યવાહી આપની સમક્ષ રજુ કરતાં અમોને આનંદ થાય છે.

ખુશી થવા જેવું તો એ છે કે સભાની મળતી મેનેજીંગ કે જનરલ કોઇપણ મીટીંગમાં નવું નવું જાણવાનું મળતું હોવાથી અને સર્વને તેમાં રસ પડતો હોઇ તે તે મીટીંગમાં સભાસદ બન્ધુઓની સારી સંખ્યામાં હાજરી અને સર્વનો સદ્દભાવ જોવાતો હોવાથી મુખ્ય કાર્યવાહકોની કાર્યવાહી અને તેમની કર્તવ્યનિષ્ઠતા પર તે પ્રેમ અને વિશ્વાસ સૂચવે છે, સાથે સભાના દરેક કાર્ય માટે સર્વનો સહકાર પણ સહજ જણાઇ આવે છે.

આગલા વર્ષોની કાર્યવાહી આ રીતે દર વર્ષે જેમ આપ જાણી શકયા છો, તેમ જૈન સમાજની જાણ માટે રિપોર્ટ દ્વારા સભા પ્રકટ કરે છે; તેમ આ વર્ષની વહીવટ સંબંધી સર્વ કાર્યવાહી (હકીકત) સભાની આવક, જાવક, ખર્ચ, સરવૈયું અને આવતા વર્ષના બજેટ સાથે આજે આપની પાસે રજુ કરીએ છીએ, જેથી તેમાં કાંઇ સુધારોવધારો કરવાની જરૂર જણાય અથવા આવતા વર્ષ માટે ભક્તિ, સેવા, આત્મકલ્યાણ અને સભાની વિશેષ પ્રગતિ, પ્રતિષ્ઠા, ગૌરવ માટે નવીન વિશેષ કાર્યો જે જે નવા શરૂ કરવા જેવા આપ જણાવશો તે આપ સર્વ બન્ધુઓના સહકારવડે સભા જરૂર હાથ ધરશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે સંસ્થા ( સભા-મંડલ વગેરેમાંના ) મુખ્ય કાર્યવાહકો, પ્રમાણિક, કર્તવ્યનિષ્ઠ, સેવાભાવિ અને છેવટે વધારે નહિં તો એક જ સભાસદ તેનો આત્મા બની ગયેલ હોય ( આત્મા બનેલ સભ્ય તેને જ કહેવાય કે તે પ્રમાણિક હોવા સાથે સેવાભાવિ હોય ) સાથે સભાસદ બંધુઓનો કાર્યવાહકો પ્રત્યે સદ્‌ભાવ, સંપ ( સંગઠન ) અને મળતી મીટીંગોમાં અરસપરસ નવા નવા વિચારોની આપલે થતી હોય, તેમજ સર્વ કાર્યવાહીનો સંપૂર્ણ રિપોર્ટ પ્રમાણિકપણે પ્રગટ થતો હોય, સભાસદ બંધુઓને આત્મકલ્યાણના દેવ, ગુરુ, જ્ઞાનભક્તિ અને બીજા લાભો પ્રાપ્ત થતાં હોય, આર્થિક સ્થિતિ સલામતીવાળી ( સદ્ધર ) હોય તેવી જ સંસ્થા દરવર્ષે પ્રગતિશીલ થતાં તેની પ્રતિષ્ઠા અને ગૌરવની વૃદ્ધિ થતી જાય એ અનુભવસિદ્ધ હકીકત છે.

આ સભા પર મુખ્ય અને પ્રથમ જેમ ગુરુકૃપા છે, તેમ કાર્યવાહકો વગેરેનો આત્મકલ્યાણ માટેનો જ પુરુષાર્થ છે; જેથી સર્વને આ સભા માટે ગૌરવ લેવા જેવું છે. સભાના કાર્યવાહકો પોતાની જવાબદારી બરોબર સમજી, ધર્મની મર્યાદામાં રહી વહીવટ કરવા સાથે જાહેરમાં તેની સર્વ કાર્યવાહીને રિપોર્ટદ્વારા દર વર્ષે સમાજ પાસે મૂકે છે તેથી જ આ સભાની અભિવૃદ્ધિ થતી રહી છે.

કોઇપણ સભા કે સંસ્થાને મ્હોટા ભાગે આર્થિક સહાય સમાજ પાસેથી મળતી હોવાથી તેવી સંસ્થાઓએ ( તેના કાર્યવાહકોએ ) દર વર્ષે ( કે બે ત્રણ વર્ષે તો જરૂર ) સંસ્થાની સર્વ કાર્યવાહીનો રિપોર્ટ, આર્થિક સ્થિતિ પ્રમાણિકપણે જો પ્રગટ કરે તો જ, તે સંસ્થા સમાજમાં વિશ્વાસપાત્ર ગણાય છે. તેથી જ આ સભાએ દર વર્ષની કાર્યવાહીનો દર વર્ષે રિપોર્ટ સમાજની જાણ માટે શરૂઆતથી મૂકવાનો પ્રબંધ કરેલો છે; બીજા સેવાના કાર્યો સાથે આ હકીકત પણ જરૂરી હોવાથી સભાની વિશેષ વિશેષ પ્રગતિ થતાં પ્રતિષ્ઠા વધતી જાય છે.

**સ્થાપના**—આ સભાની સ્થાપના સં. ૧૯૫૨ ના બીજા જેઠ સુદ ૨ ના રોજ પ્રાતઃસ્મરણીય **શ્રી વિજયાનંદસૂરીશ્વરજી** (શ્રી આત્મારામજી) મહારાજના (સ્મરણ) ગુરુભક્તિ નિમિત્તે, તેઓશ્રી પૂજ્ય ગુરુદેવના સ્વર્ગવાસ પછી પચીશમે દિવસે મંગળમુહૂર્ત્તમાં થયેલી છે જેને આજે ૫૩ વર્ષ પૂરા થતાં ૫૪ મું વર્ષ ચાલે છે.

૧ **ઉદ્દેશ**—જૈન બંધુઓ અને બ્હેનો ધર્મ સંબંધી ઉચ્ચ જ્ઞાન પ્રાપ્ત કરે તેવા ઉપાયો યોજવા, બને પ્રકારની કેળવણીની વૃદ્ધિ માટે સ્કોલરશીપ વગેરેથી યથાશક્તિ સહાય કરવા, પૂજ્ય પૂર્વાચાર્ય મહારાજો કૃત મૂળ-પ્રાકૃત-સંસ્કૃત ઉચ્ચ કક્ષાના વિવિધ સાહિત્યના પ્રકાશનો અને ઇતિહાસ, જીવન-ચરિત્ર અને કથા સાહિત્યના મૂળ અને સુંદર સચિત્ર શુદ્ધ અને સરલ અનુવાદો ગુજરાતી ભાષામાં કરાવી પ્રકટ કરી બ્હોળો પ્રચાર અને બને તેટલી ઉદારતાથી ભેટ આપવા, તેમજ જૈન સસ્તા સાહિત્યનું પ્રકાશન કરી ભેટ કે અલ્પ કિંમતે આપી, જૈન ધર્મના મૂળભૂત સિદ્ધાંતો અને તત્ત્વોનો ભારતવર્ષમાં બ્હોળો પ્રચાર કરવા, તેમજ વિવિધ સાહિત્યના હસ્તલિખિત પ્રતો અને ઉપયોગી પ્રકાશનોનો સંગ્રહ કરી એક જ્ઞાનમંદિર કરી, જ્ઞાનભક્તિ કરવા, ફ્રી લાઇબ્રેરી( પુસ્તકાલય )વડે મફત વાંચન પૂરું પાડવા, દરવર્ષે જરૂરીયાતવાળા જૈન બંધુઓને રાહત આપવા અને પુણ્ય પ્રભાવક, દાનવીર વગેરે જૈન બંધુઓનો યોગ્ય સત્કાર કરવા અને સાથેજ દેવગુરુતીર્થની પૂજા, યાત્રા, ભક્તિ કરી આત્મકલ્યાણ કરવાનો છે.

આ સભાનું સ્થાપન ખાસ ગુરુભક્તિ નિમિત્તે થયેલું છે તે આપ જાણો છો. હવે સ્થાપના પછી કેટલીક સ્થિતિ સ્થાપકતા થયાં પછી સભાના ઉદ્દેશો પ્રમાણે પ્રથમ ગુરુદેવના પરિવાર મંડળની આજ્ઞા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વડે અને તેઓશ્રીના કૃપા-વિદ્વત્તાના સહકાર અને જ્ઞાનવડે આજથી પાંત્રીશ વર્ષ પૂર્વે જ્ઞાનોદ્ધાર સાહિત્ય સેવા-જ્ઞાન ભક્તિનું કાર્ય જ શ્રી પૂર્વાચાર્યો મહારાજાઓ રચિત મૂળ પ્રાકૃત સંસ્કૃત ગ્રંથરત્નોના પ્રકાશન, બ્હોળો પ્રચાર અને ઉદારતા પૂર્વક બ્હોળા પ્રમાણમાં ભેટના કાર્યની શરૂઆત સભા તરફથી કરવામાં આવી છે, જે હાલ પણ ગતિમાં જ છે અને રહેશે. અત્યાર સુધીમાં પ્રસિદ્ધ થયેલા પૂજ્ય પૂર્વાચાર્ય મહારાજાઓકૃત વિવિધ સાહિત્યના મૂળ પ્રાકૃત-સંસ્કૃત ગ્રંથો કુલ ૬૧ જે જે પ્રકટ થયા છે, તેમાંથી આપ સર્વે જાણીને ખુશી થશો કે મૂળ પ્રાકૃત સંસ્કૃત ગ્રંથો અને કેટલાક અનુવાદોના ગ્રંથો સાધુ સાધ્વી મહારાજ, જ્ઞાનભંડારો, લાઇબ્રેરીઓ અને જૈનેતર વિદ્વાનોને આ વર્ષની આખર સુધીમાં રૂા. ૩૧૧૫૦) ના ભેટ અપાયેલા છે, જે કોઇપણ જૈન સંસ્થા કરી શકી હોય તે અમારા જાણવામાં નથી; જેથી જ્ઞાનભક્તિ, સાહિત્યનો ઉદ્ધાર, બ્હોળો પ્રચાર અને પઠન-પાઠનના કાર્યને અંગે આટલી મોટી રકમની સભાએ આપેલ ભેટ તે જ્ઞાનોદ્ધાર, જ્ઞાનદાન હોઇ આપણે સર્વેને પરમ આનંદ થાય તે સ્વાભાવિક છે. અને આ ક્રમ સંયોગો પ્રમાણે ચાલુ જ છે. આ તો માત્ર મૂળ ગ્રંથોની હકીકત આપ પાસે રજુ કરી છે, પરંતુ જૈન તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, કથા, જીવનચરિત્ર વગેરે અનુવાદ ગુજરાતી ભાષામાં જેનું પ્રકાશન નિરંતર પ્રથમથી જ શરૂ છે, તે ગ્રંથો પેટ્રન સાહેબો, લાઇફમેમ્બરો વગેરેને હજારો રૂપીયાના ભેટ આપવામાં આવ્યા છે તે રકમ જુદી છે. તે સંબંધી હકીકત આગળ પા૦ ૬ તથા ૭ માં આપવામાં આવેલી છે, તે જૈન બંધુઓને ખાસ વાંચવા નમ્ર સૂચના છે. મૂળ ગ્રંથોમાં આગમો, કલ્પસૂત્ર, વગેરે ટીકાઓ સહિત તેમજ અન્ય તત્ત્વજ્ઞાન વગેરે સાહિત્યના ગ્રંથો પ્રગટ થયેલ છે, તે મૂળ ગ્રંથો અને અનુવાદો જેમ જેમ છપાય છે, યોજનામાં હોય છે તે તે વખતે આત્માનંદ પ્રકાશમાં તેની જાહેર ખબર પણ આપવામાં આવે છે.

હાલ મૂળ ગ્રંથોમાં **બૃહત્કલ્પ** છેલ્લો છઠ્ઠો ભાગ, **ત્રિષષ્ઠિશલાકાપુરુષ ચરિત્ર ૨-૩-૪** ત્રણ પર્વો છપાઇ ગયેલ છે, પ્રસ્તાવના બાકી છે જેથી તે થોડા વખતમાં પ્રકટ થશે, તેમજ **જૈન** ન્યાયનો અપૂર્વ ગ્રંથ **શ્રી દ્વાદશારનયચક્ર** જેની પ્રેસકોપી તૈયાર થઇ ગઇ છે તે માટેની ઘણી હકીકતો પ્રસ્તાવ રૂપે જૈન સમાજની સંક્ષિપ્ત જાણ માટે આત્માનંદ પ્રકાશમાં આપવામાં આવે છે. જેની પ્રેસ કોપી ઘણા પરિશ્રમવડે સાક્ષરવર્ય **શ્રી પુણ્યવિજયજી મહારાજે** સંશોધન કરી તેને વિશેષ સંશોધન કરવા માટે આ **શ્રી દ્વાદશારનયચક્ર** નામે ન્યાયનો મુખ્ય જૈન દર્શનનો ગ્રંથ છે તે ન્યાયનિષ્ણાત વિદ્વાન મુનિરાજ **શ્રી જમ્બૂવિજયજી** મહારાજને સોંપેલ છે, તેઓ સાહેબે પણ ઘણા જ પ્રયત્નવડે શોધી તૈયાર કર્યો જે થોડું કાર્ય બાકી રહેલ છે તે પૂર્ણ થતાં પ્રેસમાં છાપવા માટે આપવામાં આવશે. આ ગ્રંથ એ મહા-મુલ્ય ન્યાયનો ગ્રંથરત્ન છે તે બંને મહાત્માએ જે પરિશ્રમ તે માટે સેવ્યો છે તે જૈન સમાજ પર જેવો તેવો ઉપકાર નથી અને તેનો જવાબ તો ભાવિ કાળ આપશે, અતિ પ્રશંસનીય નિવડશે.

---

**આ સભાનું મૂળ સાહિત્ય પ્રકાશન ખાતું, પ્રચાર અને ઉદારતાપૂર્વનું ભેટ ખાતું**—જે ચાલે છે તેમાં પૂર્વાચાર્ય, મહાન પુરુષોરચિત આગમો, તત્ત્વજ્ઞાન, ગણિત, નાટકો, કાવ્યો વગેરે જે મૂળ ગ્રંથો પ્રાકૃત સંસ્કૃત ભાષામાં શ્રી આત્માનંદ સંસ્કૃત ગ્રંથમાળાના નામથી અંકિત છે અને ગુજરાતી શ્રી આત્માનંદ શતાબ્દિ સિરિઝ તે બંને પ્રકાશન ખાતાઓ રૂઆને વહીવટ કરવા સુપ્રત થયેલા છે, અને શ્રી જૈન આત્માનંદ ગ્રંથમાળા ( જેમાં જૈન બંધુઓના નામથી સિરિઝ ( ગ્રંથમાળા ) પણ પ્રગટ થાય છે તેનો સમાવેશ થાય છે તે તથા અન્ય જે અનુવાદ ગ્રંથો અનેક પ્રગટ થયા છે, થાય છે, તે સભાની માલીકીનું ખાતું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુરુભક્તિ પછી આ જ્ઞાનોદ્ધાર-જ્ઞાનભક્તિ સાહિત્ય પ્રકાશન તેનો બ્હોળા પ્રચાર વગેરે એવું ઉત્તમ કાર્ય છે કે જેના પઠનપાઠન, અભ્યાસથી આત્મકલ્યાણ સાધી શકાય, આત્મિક આનંદ ઉત્પન્ન થાય, સુસંસ્કારની વૃદ્ધિ થાય, તેમજ ગૃહના શૃંગારરૂપી એક સુંદર લાઇબ્રેરી તૈયાર થાય છે. આ જ્ઞાનભક્તિના કાર્ય માટે જૈન સમાજ તેમજ આપણા ધર્મગુરૂઓમાં પણ, આ સભા માટે માન ઉત્પન્ન થયેલ છે જે આ જ્ઞાન ભક્તિના કાર્ય માટે કેટલીક વખત પ્રશંસાના પત્રો પણ સભાને મળે છે. આ જ્ઞાનોદ્ધાર ભક્તિનું કાર્ય આત્મકલ્યાણ માટે જ્ઞાનારાધન માટે અતિ ઉપયોગી જેમ છે તેમ અનુમોદનીય પ્રશંસનીય પણ છે.

---

## સંપૂર્ણ સલામતીવાળી સભાની આર્થિક સ્થિતિ.

આ સભા પાસે જે નાણાનું ભંડોળ છે તે મ્હોટા ભાગે સમાજ પાસેથી આવેલું હોઇ, કાર્યવાહકો તો એના વહીવટી પ્રતિનિધિઓ હોવાથી જવાબદારી પણ છે, તેથી તેના ઉદ્દેશ પ્રમાણે અને આપનારની ઇચ્છા પ્રમાણે નિર્દોષ રીતે તેનો સદુપયોગ કરવાનો હોવાથી, સમાજનો વિશેષ વિશ્વાસ ઉત્પન્ન કરવા, તેને ટકાવી રાખવા અને તેના સંરક્ષણાર્થે અને ભવિષ્યમાં પણ ન જોખમાય, ઓછું ન થાય કે ન ગેરઉપયોગ થાય માટે આ સભાના નાણાં અત્યારસુધી સદ્ધર જામીનગીરીમાં (બેંકોમાં) રાખવામાં આવતા હતા, પરંતુ કાળપરિવર્તન અત્યારે એટલું બધું થયેલું છે કે ત્યાં કે બીજે સ્થળે સલામતીવાળી સ્થિતિ કાર્યવાહકોને નહિં લાગવાથી, ચાલતા વર્તમાન કાળનો વિચાર કરી સભાની આર્થિક બાબતનું ભવિષ્યનું રક્ષણ અને સંપૂર્ણ સલામતીની ખાતર હાલ સભાની માલિકીના જેમ ત્રણ મકાનો છે. જેની કિંમત પાછળ આપવામાં આવેલી છે તે સિવાય બોન્ડમાં અને થોડી રકમ સદ્ધર બેન્કમાં રહે છે અને ભવિષ્યમાં જેમ જેમ આર્થિક સ્થિતિ વધતી જશે તેમ તેમ બને ત્યાંસુધી સ્થાવર મિલ્કતમાં અને સંરક્ષણવાળી જામીનગીરીમાં જ સભાના નાણા રોકવામાં આવશે. કોઇપણ જાહેર સંસ્થાએ દર વર્ષે કાર્યવાહીનો જેમ રિપોર્ટ સમાજની જાણ માટે પ્રકટ કરવાની જરૂર હોય છે તેમ સમાજ પાસેથી કોઇપણ રીતે લીધેલ નાણાંનો શું વ્યય કર્યો ? તેવા નાણા કઇ અને કેવી સલામતીવાળી સ્થિતિમાં રોકેલ છે અને કેટલા નાણા સિલિક છે તે સ્પષ્ટ બતાવવું જ જોઇએ.

આ સભાનો આર્થિક વહિવટ-વ્યય પણ સભાસદોને કે કોઇને પણ કોઇ રીતે દોષ ન લાગે એવી રીતે ચલાવવામાં આવે છે જેથી તેની દિવસાનુદિવસ ઉન્નતિ થતી જાય છે.

---

## બંધારણ.

(૧) પેટ્રન સાહેબો, (૨-૩) પહેલા બીજા વર્ગના લાઇફ મેમ્બરો અને (૪) વાર્ષિક સભાસદો મળી ચાર પ્રકારે છે. અને એક જ વખત રૂા. ૫૦૧) આપવાથી પેટ્રન સાહેબ, રૂા. ૧૦૧) આપવાથી માનવંતા પ્રથમ વર્ગના લાઇફ મેમ્બર, રૂા. ૫૧) આપવાથી બીજા વર્ગના લાઇફ મેમ્બર અને દર વર્ષે રૂા. ૫) આપવાથી વાર્ષિક સભાસદ તે તે પ્રકારના માનવંતા પદે નિયુક્ત કરવામાં આવે છે અને તેઓશ્રીના મુબારક નામો શ્રી "આત્માનંદ પ્રકાશ"માં પ્રકટ કરવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ વર્ષ આખર સુધીમાં કુલ ૬૫૬ ) માન્યવર સભાસદો છે.

---

## *સં. ૨૦૦૫ ની સાલ સુધીમાં થયેલા ૪૫ પેટ્રન સાહેબોની નામાવલી.

૧ શેઠ સાહેબ ચંદુભાઈ સારાભાઈ મોદી બી. એ.
૨ રાવસાહેબ શેઠ શ્રી કાન્તિલાલ ઇશ્વરલાલ જે. પી.
૩ શેઠ સાહેબ માણેકચંદ જેચંદભાઇ
૪ ,, રતિલાલ વાડીલાલ
૫ ,, માણેકલાલ ચુનીલાલ જે પી.
૬ ,, કાન્તિલાલ બકોરદાસ
૭ રાવબહાદુર શેઠ શ્રી નાનજીભાઈ લધાભાઇ
૮ શેઠ સાહેબ ભોગીલાલભાઈ મગનલાલ
૯ ,, શ્રી રતિલાલ વર્ધમાન
૧૦ ,, પદમશીભાઈ પ્રેમજી
૧૧ ,, રમણીકભાઇ ભોગીલાલ
૧૨ શેઠ સાહેબ મોહનલાલ તારાચંદ જે. પી.
૧૩ ,, જાદવજી નરશીદાસ
૧૪ ,, ત્રિભુવનદાસ દુર્લભદાસ
૧૫ ,, ચંદુલાલ ટી. શાહ જે પી.
૧૬ ,, રમણિકલાલ નાનચંદ
૧૭ ,, દુર્લભદાસ ઝવેરચંદ
૧૮ ,, દલીચંદ પુરૂષોતમદાસ
૧૯ ,, વોરા ખાંતિલાલ અમરચંદભાઇ
૨૦ રાવબહાદુર શેઠશ્રી જીવતલાલ પ્રતાપશી
૨૧ ,, શ્રી અમૃતલાલ કાળીદાસ
૨૨ શેઠ સાહેબ ખુશાલદાસ ખેંગારભાઇ
૨૩ શેઠ સાહેબ શ્રી કાન્તિલાલ જેશીંગલાલ
૨૪ ,, શ્રી બબલદાસ કેશવલાલમોદી
૨૫ ,, શ્રી ચંદ્રકાન્તભાઈ ઉજમશી
૨૬ ,, શ્રી પુંજાભાઇ દીપચંદભાઈ
૨૭ ,, શ્રી લક્ષ્મીચંદ દુર્લભદાસ
૨૮ ,, શ્રી કેશવલાલ લલ્લુભાઇ
૨૯ શાહ ઓધવજી ધનજીભાઈ સોલીસીટર
૩૦ શેઠ મણિલાલ વનમાલીદાસ બી. એ.
૩૧ શેઠ સાહેબ સારાભાઇ હઠીસીંગ
૩૨ ,, રમણલાલ દલસુખભાઇ
૩૩ ,, કેશવલાલ વજેચંદ
૩૪ ,, જમનાદાસ મોનજીભાઇ ઝવેરી
૩૫ ,, વીરચંદ પાનાચંદ
૩૬ ,, હીરાલાલ અમૃતલાલ
૩૭ મ્હેતા ગિરધરલાલ દીપચંદ કમળેજવાળા
૩૮ શેઠ પરમાણંદદાસ નરશીદાસ
૩૯ ,, લવજીભાઇ રાયચંદ
૪૦ ,, પાનાચંદ લલ્લુભાઇ
૪૧ શેઠ સાહેબ કસ્તુરભાઈ લાલભાઈ
૪૨ શેઠ પરશોતમદાસ મનસુખલાલ ગાંધી તારવાળા
૪૩ મ્હેતા મનસુખલાલ દીપચંદ કમળેજવાળા
૪૪ શેઠ છોટાલાલ મગનલાલ
૪૫ ,, માણેકચંદ પોપટલાલ થાનગઢવાળા

આ સભાની ઉત્તમ અને પ્રમાણિક કાર્યવાહી વહીવટ વગેરેની દર વર્ષે રિપોર્ટદ્વારા પ્રકટ થતું હોવાથી જૈન શ્રીમંત અને વિદ્વાન બંધુઓ, ધર્મવીરો, જૈન નરરત્નો, પ્રતિષ્ઠિત પુણ્યપ્રભાવક પુરૂષો આ સભાનું માનવંતુ પેટ્રનપદ હોંશે હોંશે સ્વીકારે છે, તેઓશ્રીને આગલા ગુજરાતી અનુવાદોના ગ્રંથો સિલિકમાં હોય તે ભેટ અપાય છે અને પ્રકટ થતાં નવા સાહિત્યના ગ્રંથો પણ ભેટ અપાય છે.

---

* ૨૦૦૬ની સાલમાં નવા પેટ્રન સાહેબોની થયેલી વૃદ્ધિ આવતા વર્ષના રિપોર્ટમાં આપવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈન બ્હેનો પણ આ સભામાં સભાસદ થઈ શકે તેવો પ્રબંધ પ્રથમથી જ કરેલો હોવાથી જૈન બ્હેનો પણ સભ્યો થયેલ છે, થાય છે; પરંતુ વિશેષ ખુશી થવા જેવું તો એ છે કે કેટલી બ્હેનોએ વગર લખે, માગણી કરે અને વિશેષમાં ગ્રેજ્યુએટ બ્હેનો પણ આ સભામાં સભાસદ થયેલ છે તે પણ સભાનો ગૌરવનો વિષય છે. વળી નવા નવા પુણ્યપ્રભાવક, દાનવીર, શ્રીમંત જૈન બંધુઓ આ સભાનું પેટ્રનપદ સ્વીકારી પોતાનો આનંદ વ્યક્ત કરે છે, તેમજ તે રીતે નવા નવા લાઇફ મેમ્બરોની પણ દર માસે વૃદ્ધિ થતી જાય છે. અત્રે સિવાય બહાર ગામના જૈન શ્રીસંઘો, સંસ્થાઓ, બોર્ડીંગો, લાઇબ્રેરીઓ, જ્ઞાનભંડારો વગેરેની સભ્યો તરીકેની દિવસાનુદિવસ વૃદ્ધિ થતી જાય છે.

આ વર્ષની આખર સુધીમા ૪૫ પેટ્રનો, ૪૫૯ પ્રથમ વર્ગના લાઇફ મેમ્બરો, ૧૨૫ બીજા વર્ગના લાઇફ મેમ્બરો, ૬ ત્રીજા વર્ગના લાઇફ મેમ્બરો, (ત્રીજો વર્ગ કમી થયેલ છે) અને ૨૧ વાર્ષિક સભ્યો મળી કુલ ૬૫૬ સભાસદો છે. તે પછી, નવા સભાસદોના દાખલ થયેલા છે તેઓના નામો આવતા વર્ષના રિપોર્ટમાં જણાવવામાં આવશે. (નવા થનારા સભાસદ બંધુઓના નામો તે તે વખતે શ્રી આત્માનંદ પ્રકાશ માસિકમાં દર મહિને આપવામાં આવે છે તે આપ સર્વને સુવિદિત છે).

આ સભામાં દરમહિને સભાસદોની અભિવૃદ્ધિ થવાના બીજા કાર્યો સાથે નીચે જણાવ્યા પ્રમાણે સભાનું સાહિત્ય પ્રકાશન, પ્રચાર અને થતાં અને થયેલાં દરેક સભાસદોને દર વર્ષે સુંદર સચિત્રો કથા–ઐતિહાસિક ગ્રંથો જેમાં મહાન પુરૂષો અને સતી આદર્શ સ્ત્રીઓના જીવનચરિત્રો અન્ય કથાઓ સાથે આવે છે (તેવા ગ્રંથોનો) ભેટનો લાભ બ્હોળા પ્રમાણુમાં મળે છે જે નીચેની હકીકત વાંચવાથી જાણવામાં આવશે.

**સભાનું સાહિત્ય પ્રકાશન–પ્રચાર–અને ઉદારતાપૂર્વકનું ભેટ ખાતું. થયેલાં અને નવા થતાં સભાસદોને દર વર્ષે સુંદર ગ્રંથોનો મળતો ભેટનો લાભ.—**

આ સભા તરફથી **શ્રી આત્માનંદ ગ્રંથમાલા** (જેમાં જૈન બંધુઓના નામથી સિરિઝ ગ્રંથમાળા) તથા અન્ય પ્રકટ થાય છે તેની જ આ હકીકત (અનુવાદ ગુજરાતી ભાષાંતરના ગ્રંથોનું પ્રકાશન–પ્રચાર અને સભાસદોને દર વર્ષે સચિત્ર સુંદર અનેક ગ્રંથોનો મળતો ભેટનો લાભ તે હકીકત અત્રે આપીયે છીએ.

ઐતિહાસિક, કથા, જીવન ચરિત્રો અને તત્ત્વજ્ઞાન વગેરે સાહિત્યના પૂર્વાચાર્ય મહારાજની કૃતિના ગ્રંથો જેમાં તીર્થંકર ભગવંતો, સત્ત્વશાળી નરરત્નો, આદર્શ જૈન સ્ત્રીરત્નો અને સતી ચરિત્રો વગેરે વિષયોના ગ્રંથોનું ગુજરાતીમાં અનુવાદ કરાવી સચિત્ર સુંદર આ વર્ષની આખર સુધીમાં ૮૩) ગ્રંથો આ સભા તરફથી પ્રકટ થયેલા છે. આ ગુજરાતી ભાષામાં છપાયેલા તે સર્વ ગ્રંથો આ સભાના પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરો જે ભેટ અત્યાર સુધીમાં અપાયેલા છે અને અપાય છે, તે પણ હજારો રૂપીયાની સંખ્યામાં અપાયેલાં છે. દાખલા તરીકે માત્ર સં. ૨૦૦૨ સં. ૨૦૦૩ સં. ૨૦૦૪ એ ત્રણ વર્ષોમાં શ્રી **વસુદેવ હિંડી**, શ્રી **શાંતિનાથ** પ્રભુ ચરિત્ર વગેરે રૂા. ૪૫) ના ગ્રંથો પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરો જે કે શુમારે ૬૦૦) બંધુ બ્હેનો છે તેઓશ્રીને, તેમજ અમુક સંખ્યામાં પ્રકાશન સંસ્થાને બદલે, પૂજ્ય મુનિરાજાઓ, જ્ઞાનભંડારો અને જૈનેતર વિદ્વાનોને ભેટ આપ્યા છે, જેની કિંમત રૂા. ૨૮૦૦૦) અઠ્ઠાવીશ હજાર રૂપીયા થાય છે. તો તે ત્રણ વર્ષો પહેલાંના વર્ષોમાં પણ ઉપરોક્ત રીતે ભેટ આપેલા અન્ય ગ્રંથોની કેટલી મ્હોટી કિંમત થાય તે વાચકોએ વિચારવાનું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવી ઉદાર રીતે અસાધારણ પ્રમાણમાં કોઇપણ જૈન સંસ્થા પોતાના સભાસદો અને અન્યને ભેટનો લાભ આપી શકી નથી. અપાતાં સુંદર ભેટના પુસ્તકોના પઠન-પાઠનથી જેમ આત્મકલ્યાણ સધાય છે, તેમ સભાસદ બંધુઓને વ્યવહાર અને વ્યાપારિક દૃષ્ટિએ પણ ઘણો મ્હોટો સુંદર લાભ મળે છે. તેથી જ તે રીતે પણ દરમાસે નવા પેટ્રને સાહેબો અને લાઇફ મેમ્બરોની વૃદ્ધિ થતી જાય છે. પરંતુ માત્ર નામ પ્રકટ કરવા પૂરતુંજ નવા સભાસદોને માન આપવામાં આવતું નથી પરંતુ લાભ સાથેજ અપાય છે. સભાસદોને ભેટના ગ્રંથોનો લાભ ઘણા વર્ષોથી શરૂ રાખ્યો છે, અને દરેક વર્ષે નવા નવા ગ્રંથો ભેટ આપવામાં આવે છે. અને હજી સુધી કોઇ વર્ષ ખાલી ગયું પણ નથી; જેથી કોઇપણ જૈન બંધુ કે બ્હેનોએ આ સભાના માનવંતા સભાસદોનું પદ સ્વીકારી દર વર્ષે અપાતાં સુંદર ભેટના ગ્રંથોનો અને ઉદ્દેશમાં જણાવ્યા પ્રમાણે દેવ, ગુરૂ, જ્ઞાનભક્તિ અને તીર્થયાત્રા વગેરેનો લાભ લેવા જેવું છે.

હવે આ સં. ૨૦૦૫ની સાલમાં **શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર** અગીયાર હજાર શ્લોકપ્રમાણ વિદ્વાન શ્રી **દેવભદ્રાચાર્ય** મહારાજ રચિત પ્રાકૃત ભાષામાં હતો તેનો ગુજરાતી અનુવાદ, પરમાત્માના જીવનના વિવિધ દર્શનીય અનેક પ્રસંગોના રંગીન આકર્ષક અનેક ફોટાઓ સાથે સુંદર ગુજરાતી અક્ષરોમાં ઉંચા કાગળો ઉપર છપાવી આકર્ષક મજબૂત રંગીન બાઇડીંગ કવરજેકેટ સાથે ઘણો મ્હોટો ખર્ચ કરી, અમારા માનવંતા પેટ્રન સાહેબો, માન્યવર લાઇફ મેમ્બરોને ( જેની કિંમત રૂા. ૧૩ ) છે તે અને મુનિમહારાજાઓ, જૈનેતર સાક્ષરો, વિદ્વાનો અને જ્ઞાનભંડારોને ભેટ આપવામાં આવેલ છે. જે સર્વને ભેટ આપતાં કુલ રૂા. દશ હજારની કિંમતના ગ્રંથો સભાએ માત્ર આ એકજ વર્ષમાં ભેટ આપેલ છે. આ સભામાં સભાસદો થનારને દરવર્ષે જ અવિચ્છિન્નપણે જ ભેટનો લાભ અપાય છે. સભાસદ થનાર બંધુઓને સામો આ રીતે ઉત્તમ લાભ પણ મળે છે.

આ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્રની સુંદરતા, અનુપમ ચરિત્ર સમય સમયના સુંદર ફોટાઓ અને રચના માટે અનેક વિદ્વાન મુનિરાજો વગેરે તરફથી પ્રશંસાના અનેક પત્રો સભાને મળ્યા છે, જે **આત્માનંદ પ્રકાશ**માં તે તે વખતે પ્રકટ થાય છે, અને બીજી સેવાઓ સાથે આ સાહિત્યની આ અનુપમ સેવાવડે પણ પ્રતિષ્ઠા-ગૌરવ વધે છે જે સભાસદો, વાચકોને સર્વને સુવિદિત છે.

## છપાતાં સાહિત્યના ( મૂળ તથા ) અનુવાદના નવા ગ્રંથો.

સંવત ૨૦૦૬ ( આવતી સાલમાં છપાતાં સાહિત્યના નવા અનુવાદ ગ્રંથો શ્રી **માણિકયદેવસૂરિ** કૃત સંસ્કૃત ભાષામાં રચિત શ્રી **દમયંતી ચરિત્ર** ( નલાયન ) સુમારે પાંચ હજાર શ્લોકપ્રમાણનો ગુજરાતી અનુવાદ સચિત્ર, ચારશે પાના તથા વિદ્વાન શ્રી વિજયકસ્તુરસૂરિજી મહારાજકૃત જેઓ ધાર્મિક, સામાજિક નૈતિક સર્વમાન્ય લેખોનો સંગ્રહ જેમાં છે જે " **જ્ઞાનપ્રદીપ** " ગ્રંથ બીજો ભાગ શુમારે ૪૦૦ પાનાનો તથા શ્રી **આદર્શ જૈન સ્ત્રીરત્નો** સતી શીલવતી વગેરે આઠ વંદનીય મહાસતીઓના આગમમાંથી ઉધ્ધૃત કરી ગુજરાતી અનુવાદ કરાવી પુષ્પ તરીકે ખાસ બ્હેનો માટે અનુકરણીય, મનનપૂર્વક વાંચતાં સ્ત્રીરત્ન થઇ શકે તેવો આદર્શ વાંચવા લાયક ચરિત્ર ગ્રંથ શુમારે ૪૦૦ પાનાનો તથા **જૈન દર્શનનું સંક્ષિપ્ત** સ્વરૂપ એ ચાર ગ્રંથો જેની કિંમત રૂા. ૧૩-૮-૦ સાડાતેર થશે. જેનું બાઇડીંગથતાં અમારા માનવંતા સભાસદોને નવા સભ્યો થનારને પણ આવતી શાલમાં ભેટ આપવાનાં છે જેથી આ સભામાં સભ્ય ન હોય તેમણે સત્વર સભાસદ થઇ આવા સુંદર ગ્રંથનો લાભ જેમ બને તેમ વેળાસર લેવા સૂચના છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( સં. ૨૦૦૭ ) શ્રી **માનતુંગસૂરિ** વિદ્વાન આચાર્ય મહારાજકૃત સંસ્કૃત શ્રી **શ્રેયાંસનાથ ચરિત્ર** પાંચ હજાર શ્લોકપ્રમાણનો ગુજરાતી અનુવાદ સચિત્ર છપાય છે, જેમાં પરમાત્માના વિસ્તૃત ચરિત્ર સાથે પ્રસંગોને અનુસરતી બોધપ્રદ રસિક કથાઓ આવેલી છે, જેથી આ અનુપમ ચરિત્ર મનન-પૂર્વક વાંચવાથી આત્મિક કલ્યાણ પ્રાપ્ત થાય તેવું છે. જે ગ્રંથની સુંદર રીતે તૈયાર કરતાં શુમારે રૂા. ૭-૦-૦ કિંમત થશે સાથે " શ્રી **કથારત્નકોષ** " વિદ્વાન શ્રી **દેવભદ્રાચાર્યકૃત** જેમાં સમ્યક્ત્વના ગુણો, દોષો વગેરેનું સુંદર સરલ વિવેચન અને તેના ઉપર પચાશ ભાવવાહી સુંદર કથાઓ આવેલી છે. સમ્યક્ત્વનું આટલુ સુંદર વિસ્તૃત સ્વરૂપ અને તેના ઉપરની આવી અસરકારક બોધપ્રદ કથાઓ આપી આચાર્ય મહારાજે તેની અદ્ભૂત રચના કરી પ્રાણીઓ ઉપર મહાન ઉપકાર કરેલો છે તે ગ્રંથ શુમારે તેર હજાર શ્લોકપ્રમાણ મૂળ પ્રાકૃત ભાષામાં રચેલો છે, તે અમોએ પ્રકટ કરેલ છે અને તેને ગુજરાતી અનુવાદનો પ્રથમ ભાગ એ બંને ગ્રંથો છપાય છે. આ ગ્રંથની કિંમત રૂા. ૫-૦-૦ સુમારે થશે મળી રૂા. ૧૨) ની કિંમતના ગ્રંથો માનવંતા સભાસદો ને સં. ૨૦૦૭ ની સાલમાં ભેટ આપવા માટે છપાય છે. જેથી નવા સભાસદો થઇ જલ્દી સૌ કોઇએ સં. ૨૦૦૭ ની સાલના ભેટનો લાભ લેવા જેવું છે.

ત્યારબાદ સં. ૨૦૦૮ **ની સાલ માટે નિર્ણય થયેલ યોજના** અને ભેટનો લાભ. **કથા-રત્નકોષ બીજો ભાગ** સંપૂર્ણ તથા **શ્રી સોમપ્રભાચાર્ય** મહારાજકૃત પ્રાકૃત ભાષામાં રચિત **નવ હજાર** શ્લોકપ્રમાણનો શ્રી **સુમતિનાથપ્રભુ** ચરિત્ર સચિત્ર સુંદર આકર્ષક રીતે સુંદર ગુજરાતી અનુવાદ સચિત્ર છપાશે. જે સુમારે પાંચશે પાનાનો આ ગ્રંથ તૈયાર થશે, બંને ગ્રંથોની કિંમત સુમારે ચૌદ રૂપીયા થશે તે તેમજ આ વર્ષો દરમ્યાન સમાજમાંથી કોઈપણ જૈન બંધુની સાહિત્ય સેવા જ્ઞાનભક્તિ માટે કોઇ નવીન ગ્રંથ પ્રકટ કરવા આર્થિક સહાય મળશે, તો તે નવીન ગ્રંથો છપાતાં તે પણ ઉપરોક્ત ગ્રંથો સાથે ભેટ અપાશે. આ રીતે સં. ૨૦૦૬, ૨૦૦૭ તથા સં. ૨૦૦૮ ત્રણ વર્ષ માટે અમારા માનવંતા સભાસદોને ભેટ આપવા માટે ગ્રંથોની યોજના થઇ ગઇ છે. કોઈપણ સંસ્થા આ રીતે લાભ આપી શકતી નથી, જેથી આ સભામાં નવા સભાસદો થઇ દર વર્ષે અપાતાં જુદા જુદા સુંદર ભેટના અનેક ગ્રંથોનો લાભ લેવા માટે પોતાનું મુબારક નામ પેટ્રન સાહેબ કે લાઇફ મેમ્બર તરીકે આપી આ રીતે અનેક સુંદર ગ્રંથોના ભેટનો લાભ લેવા આમંત્રણ છે–નમ્ર સૂચના છે.

**મૂળ પ્રાકૃત સંસ્કૃત ગ્રંથો**—બૃહત્કલ્પ છઠ્ઠો ભાગ જેની માત્ર પ્રસ્તાવના બાકી છે, તેમજ શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પુરૂષચરિત્ર પર્વ ૨ થી ચાર સુધીના પર્વો પ્રત તથા બુકાકારે છપાઇ તૈયાર થઇ ગયેલ છે તેમજ **શ્રી દ્વાદશાર નયચક્રસાર** ( ન્યાયનો મુખ્ય ઉચ્ચ કોટીનો ગ્રંથ ) ની પ્રેસ કોપી તૈયાર થઇ ગયેલ છે તેનું સંશોધન કાર્ય તથા તેની વિશેષ સમજ માટે સાદ્યંતવાળા જૈન આગમો તથા જૈનેતર અન્ય ગ્રંથોનું દોહન કરી વિદ્વવર્ય સાક્ષર ( આચાર્ય મહારાજ શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજના સુપ્રશિષ્ય ) શ્રી જમ્બૂવિજયજી મહારાજના તે માટેના વિદ્વત્તાભરેલા લેખો શ્રી આત્માનંદ પ્રકાશમાં આવે છે તે હવે પછી છાપવા માટે પ્રેસમાં મુકવામાં આવશે. મૂળ ગ્રંથો ૯૧) અને અનુવાદના ગ્રંથો ૮૩) મળી અત્યાર સુધીમાં કુલ ૧૭૪) ગ્રંથો પ્રકટ કરેલા છે.

ઉપરોક્ત વર્તમાનકાલીન પ્રકાશન માટેનું વિવેચન કર્યા બાદ હવે આવા સુંદર ગ્રંથોના પ્રકાશન માટે ખાસ આભારપૂર્ણ હકીકત જણાવવા રજા લઇયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈન સમાજમાં વિદ્વાન્, સાક્ષરોત્તમ અને સાહિત્યકાર તરીકે પ્રશંસાપાત્ર થયેલા આપણા ગુરુદેવ **શ્રીમાન્ પૂણ્યવિજયજી મહારાજ** કે જેમની અપૂર્વ કૃપા આ સભા ઉપર હોવાથી સભાના મૂલ પ્રાકૃત, સંસ્કૃત, ગ્રંથોનું સાહિત્ય જે સભા તરફથી પ્રકાશન થાય છે, તેમાં સંશોધન કાર્ય એટલું બધું સત્ય અને સુંદર કરી સભાને સુપ્રત કરે છે કે જેથી આ સભા તેઓશ્રીની આભારી હોવા સાથે જૈન સમાજ ઉપર પણ તે પ્રકાશન થતાં જેવો તેવો ઉપકાર નથી. સેંકડો વર્ષ પછી પણ તે ગુરૂદેવને સમાજ યાદ કરશે અને તે સાહિત્ય ગ્રંથો પણ જવાબ આપશે. હાલ પાટણ શ્રીહેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિરમાંના આગમો-પંચાંગી વગેરેનું સંશોધનનું મહદ્કાર્ય પૂજ્ય ગુરૂશ્રી પુણ્યવિજયજી મહારાજને ત્યાંના શ્રીસંઘે વિનંતિ સાથે સોંપ્યું છે, તે પણ ભવિષ્યમાં જવાબ આપશે. આટલું ભગીરથ કાર્ય હાથમાં હોવા છતાં આ સભાનું સંશોધન કાર્ય સાથે જ ચાલુ છે અને નવા નવા તત્ત્વજ્ઞાન, ચરિત્ર, ન્યાયના સાહિત્ય ગ્રંથો એક પછી એક સંશોધન કરી સભાને કૃપાની રાહે સુપ્રત કરે છે. અનુવાદના ગ્રંથોમાં પણ સભા તેમની આજ્ઞાધીન સલાહ લે છે, તેથી જ સભાની પ્રગતિ અને પ્રતિષ્ઠામાં વિશેષ વૃદ્ધિ થતી જાય છે. તેઓ સાહેબના દાદાગુરુ શાંતમૂર્તિશ્રી પ્રવર્ત્તકજી **શ્રી કાન્તિવિજયજી મહારાજ** અને તેઓ સાહેબના પૂજ્ય વિદ્વાન્ ગુરૂદેવ **શ્રી ચતુરવિજયજી મહારાજ**ની કૃપા આ સભા ઉપર પ્રથમથી જ હતી. સાહિત્યસંશોધક અને પ્રકાશનની શરૂઆત પણ તેઓશ્રીના કૃપાવડે જ ઘણા વર્ષોથી શરૂ થયેલ છે, છતાં પૂજ્ય શ્રી પુણ્યવિજયજી મહારાજ વંશપરંપરાગત ગુરૂભક્તિ અને સાહિત્ય સેવાનો વારસો લઇ રહ્યા છે. જેથી સભા નિરંતરને માટે તેઓશ્રીનો જેટલો આભાર માને તેટલો ઓછો છે.

આચાર્યશ્રી વિજયકસ્તુરસૂરિ મહારાજની કૃપા સભા ઉપર છે, તેઓશ્રીના ઉચ્ચ કક્ષાના આવતા લેખોથી "આત્માનંદ પ્રકાશ"ની પ્રતિષ્ઠા વધી છે જેથી તેઓશ્રીનો આભાર માનવામાં આવે છે.

આચાર્યદેવ **શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજની હાલ વૃદ્ધાવસ્થા થયેલ હોવા છતાં કૃપાદૃષ્ટિ સભા ઉપર ચાલુ છે.

આ સર્વ પ્રકાશનો માટે પૂજ્ય મુનિમહારાજે, જૈન જૈનેતર વિદ્વાનો, સાક્ષરો અને સાહિત્યકારો, પરદેશી દર્શન શાસ્ત્રના અભ્યાસીઓએ સભાની મુલાકાત લઇ, તપાસી આનંદ વ્યક્ત કર્યો છે.

---

## સસ્તા સાહિત્યની યોજના પ્રબંધ અને શરૂ થયેલી કાર્યવાહી.

ગુરુદેવની કૃપાથી સભાસદોનું સંગઠ્ઠન છે, કાર્યવાહકો સેવાભાવિ હોવા સાથે પ્રમાણિક વહીવટ, હોવાથી સમાજ જેમ વિશ્વાસ ધરાવે છે, તેમ પ્રતિષ્ઠા વધતી જતી હોવાથી સભાના એક પછી એક ઉદ્દેશોની શરૂઆત, પ્રબંધ, યોજના અને તે કાર્ય પણ શરૂ થઇ જાય છે અને નવા નવા મનોરથોની વિચારણા અને ચિંતવવાની શરૂઆત થાય છે. આજે અમો જે હકીકત રજુ કરીએ છીએ તે સભાના ઉદ્દેશોમાંથી એક સસ્તા સાહિત્ય સંબંધી છે. તેની શરૂઆત આ વર્ષથી થઇ ગઇ છે. રાવબહાદુર શેઠ શ્રી **જીવતલાલભાઇ પ્રતાપશી** અને સ્વર્ગસ્થ શેઠ શ્રી **શાંતિલાલ ખેતશીભાઇ**ના **ટ્રસ્ટી** સાહેબો તરફથી સ્વર્ગસ્થ શેઠ શ્રી શાંતિલાલ ખેતશીભાઇના ટ્રસ્ટ ફંડમાંથી દર વર્ષે દશ હજાર રૂપીઆ શ્રી જૈન સસ્તા સાહિત્યનું પ્રકાશન અને બ્હોળો પ્રચાર કરવા વગેરે માટે નિર્ણય થતાં આ વર્ષને માટે દશ હજાર રૂપીઆ સભાને સુપ્રત કરવામાં આવ્યા છે, જે દશ વર્ષીય યોજના તે પ્રમાણે થયેલ છે, જે માટે સભાએ નીમેલ કમીટી અને શેઠ જીવતલાલભાઇ અને શેઠ શાંતિદાસભાઇના ટ્રસ્ટીઓ મળીને તેના ધારાધોરણો શરતો વગેરે નક્કી કરેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમાં પ્રથમ નિબંધ "જૈનોનો અનેકાન્તવાદ ધર્મ" એ વિષય ઉપર લખી મોકલવા સભા તરફથી વિદ્વાન મુનિ મહારાજાઓ, જૈન જૈનેતર વિદ્વાનોને આમંત્રણ આપવામાં આવ્યા હતા, જેમાં હાવરાનિવાસી શ્રીયુત હરિસત્ય ભટ્ટાચાર્ય એમ. એ.નો નિબંધ નક્કી કરાયેલ મુદ્દતની અંદર આવતાં પરિક્ષક કમીટીએ તેમનો નિબંધ સર્વશ્રેષ્ઠ ઠરાવ્યાથી તેમને રૂા. ૪૦૦) પુરસ્કાર આપવાનો ઠરાવ થયેલ છે, તેમજ તે સંબંધી આવેલ નિબંધો મોકલનાર બીજી ચાર વ્યક્તિઓ દરેકને રૂા. પચાશ પચાશ આપવાનો નિર્ણય થયેલ છે.

બીજો નિબંધ તેજ વર્ષની યોજના પ્રમાણે "શ્રી નમસ્કાર મહામંત્ર" આ સભાએ નિયુક્ત કરેલ કમીટી અને શેઠશ્રી જીવતલાલભાઇ અને સ્વર્ગસ્થ શેઠશ્રી શાંતિલાલ ખેતશીભાઇના ટ્રસ્ટીઓએ મળી નક્કી કરેલ છે જેના આમંત્રણો મુનિ મહારાજાઓ અને જૈન જૈનેતર બંધુઓ વગેરેને મોકલવાનો પ્રબંધ થયેલ છે. જે હકીકત વિશેષથી આવતા વર્ષના રિપોર્ટમાં આવશે.

---

**જ્ઞાનમંદિર**—આ સભા પાસે હસ્તલિખિત તેમજ છાપેલી વિવિધ સાહિત્યો, આગમો અનેક વિષયોની પ્રતો કુળ ૨૯૦૬ ની સંખ્યા છે, તેનું વિશેષ સંરક્ષણ થવા માટે એક મકાન સભાના મકાનની પડખેનું લેવામાં આવેલ છે, તેને ફાયર પ્રુફ નવેશરથી તૈયાર કરવાનું છે, જે હકીકત અગાઉ જણાવેલ છે. પ્રાતઃસ્મરણીય પ્રવર્તકજી મહારાજશ્રી કાન્તિવિજયજી મહારાજશ્રીનો આ સભા ઉપર મહદ્ ઉપકાર છે જેથી તેઓશ્રીના સ્મરણાર્થે તે મહાપુરૂષનું નામ જ્ઞાનમંદિર સાથે જોડવાનો સભાએ ઠરાવ કરેલો છે. ગુરૂકૃપાથી તે જ્ઞાનમંદિર તૈયાર થયે એક ભવ્ય પૂજનીય જ્ઞાનમંદિર બનશે.

---

## શ્રી આત્મારામજી જૈન લાઇબ્રેરીના પુસ્તકો

| | | | |
|---|---|---|---|
| વર્ગ ૧ લો. જૈનધર્મના પુસ્તકો (છાપેલાં) | ૩૦૭૫ | | કિંમત રૂા. ૪૫૯૪-૫-૦ |
| વર્ગ ૧ લોઅ. „ પ્રતો („) | ૮૭૦ | | ૧૩૪૭-૧૫-૦ |
| વર્ગ ૨ જો છાપેલા આગમો | ૩૦૦ | | ૧૬૪૩-૧૦-૦ |
| વર્ગ ૩ જો શ્રી ભકિતવિજયજી ભંડાર લખેલી પ્રતો | ૧૩૨૫ | અમૂલ્ય કુલ ૧૭૩૬) | |
| શ્રી લબ્ધિવિજયજી ભંડાર „ | ૨૧૦ | | |
| સભાની પ્રતો „ | ૨૦૧ | | |
| આ વર્ગ અમૂલ્ય હોવાથી કિંમત લખી નથી. | | | |
| વર્ગ ૪ થો સંસ્કૃત ગ્રંથો | ૪૭૬ | | ૧૫૨૭-૧૨-૦ |
| વર્ગ ૫ મો નોવેલ નીતિના ગ્રંથો | ૩૫૦૫ | | ૫૨૮૬-૯-૦ |
| વર્ગ ૬ ઠ્ઠો અંગ્રેજી ગ્રંથો | ૨૨૧ | | ૬૩૬-૬-૦ |
| વર્ગ ૭ મો માસિક ફાઇલ | ૫૦૫ | | ૧૨૩૬-૮-૦ |
| વર્ગ ૮ મો હિન્દી ગ્રંથો | ૩૨૧ | | ૬૬૪-૦-૦ |
| વર્ગ ૯ મો બાલ વિભાગ. બુકો | ૨૭૭ | | ૬૪૦-૧૦-૦ |
| | બુકો ૧૧૨૮૬ | | રૂા. ૧૭૦૭૯-૧૧-૦ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગઈ સાલ પુસ્તક ૧૦૭૪૯ રૂા ૧૬૦૫૯-૨-૬ ના હતા. આ સાલમાં નવા પુસ્તકો વધતા પુસ્તકો ૧૧૨૮૬ રૂા ૧૭૦૭૭-૧૧-૦ કિંમતના છે.

---

**શ્રી આત્માનંદ પ્રકાશ**—સુડતાલીશ વર્ષથી નિયમિત રીતે દર મહિને પ્રકટ થાય છે. તેની અગીયારસો ઉપરાંત કોપીયો છપાય છે. ગ્રાહકોને જાય છે. લડાઈ દરમ્યાન અને હજુસુધી કાગળ, છાપકામ વગેરે તેના લગતા સાહિત્યની સખ્ત મોંઘવારીને લઇને પ્રથમ જે લવાજમ હતું. ( રૂા–દોઢ ) તેથી ખોટ આવતાં સોંઘવારી થતાં સુધી માત્ર વાર્ષિક રૂા ૩) ત્રણ, હાલ કિંમત રાખવામાં આવી છે. વિદ્વાન મુનિ મહારાજા અને જૈન સાક્ષર બંધુઓના સામાજિક, ઐતિહાસિક, તત્ત્વજ્ઞાનના ઉચ્ચ કક્ષાના લેખો અને કવિતાવડે વાચકોની પ્રશંસા પામેલ છે. છપાવતાં તૂટો પડતો હોવા છતાં સમાજ પાસે ખોટ પુરી કરવા ઉઘરાણું કર્યું નથી.

---

**મળેલા ફંડો**—આ સભાએ સભાસદો વગેરેવડે કરેલું પ્રાતઃસ્મરણીય શ્રી **કાન્તિવિજયજી** મહારાજ **સ્મારક કેળવણી ફંડ** ( જેમાં હજી કેટલાક સભ્યોની રકમ ભરાવાની છે ) તેના વ્યાજ-માંથી સભાએ કરેલ ઠરાવ મુજબ તેઓ સાહેબની સ્વર્ગવાસ તીથી અશાડ શુદ ૧૦ ના રોજ જાહેર મેળાવડો કરી મેટ્રિકની પરીક્ષામાં પ્રથમ નંબરે પાસ થાય તેને સુવર્ણપદક સભા તરફથી, તેમજ બીજે નંબરે પાસ થાય તેને રૌપ્યપદક શેઠ દેવચંદ દામજીના તરફથી આવેલી રકમના વ્યાજમાંથી આપવાનો ઠરાવ કરવામાં આવેલો છે, તેનો અમલ આવતા વર્ષથી કરવામાં આવશે, અને શ્રી મૂળ-ચંદભાઈ સ્મારક કેળવણી ફંડ, બાબુ પ્રતાપચંદજી ગુલાબચંદજી કેળવણી ફંડના વ્યાજમાંથી તેમજ સભાના પોતાના તરફથી બંને પ્રકારની કેળવણીની ઉત્તેજન અર્થે, સ્કોલરશીપો, બુકો વગેરે જૈન વિદ્યાર્થીઓને દરવર્ષે આપવામાં આવે છે, તેમજ તે સિવાય રૂા. ૨૦) શ્રી વૃદ્ધિચંદ્રજી સામાયકશાળાને અને રૂા ૧૨૫) શ્રી ઉજમબાઇ જૈન કન્યાશાળાને ધાર્મિક શિક્ષણના ઉત્તેજનાર્થે દર વર્ષે અપાય છે, અને તેનો વહીવટ પણ સભા કરે છે.

---

**જૈન બંધુઓ માટેનું રાહત ફંડ**—શ્રી ખોડીદાસ ધરમચંદ જૈન બંધુઓ માટે રાહત ફંડ તથા રાષ્ટ્રીય મહોત્સવ દિનની ખુશાલી નિમિત્તે સભાએ જુદી મૂકેલ એક રકમના વ્યાજમાંથી બંને-માંથી જરૂરીયાતવાળા બંધુઓને રાહત અપાય છે.

---

**મહોત્સવોઃ**—આ સભાનો વાર્ષિક મહોત્સવ દિન–વોરા હઠીસંગભાઇ ઝવેરચંદે પોતાની હૈયાતિમાં આપેલ એક રકમનું વ્યાજ સભા, અને પોતે કહી ગયેલ બાકીની રકમનું વ્યાજ તેમના ધર્મપત્ની શ્રી હેમ-કુંવર બ્હેન દર વર્ષે જેઠ સુદ ૨ ( સભા સ્થાપના દિન ) શ્રી તળાજા તીર્થે ઉજવવા નિમિત્તે આપે છે, ( વોરા હઠીસંગભાઇએ આપવાની કહેલ રકમ હવે પછી આપવા તેમના ધર્મપત્નીએ કહેલ છે. જણાવે છે ) તે વડે દર વર્ષે સભા ઉજવે છે તેથી આ રીતે દર વર્ષે તે તીર્થની યાત્રા, દેવગુરૂ ભક્તિ, વગેરેનો લાભ સભાસદો લેતા હોવાથી આત્મકલ્યાણની વૃદ્ધિ થાય છે.

---

**આનંદ મેળાપ**—દર બેસતે વર્ષે આ સભાના પ્રમુખ શેઠ શ્રીયુત્ ગુલાબચંદ આણંદજીએ આપેલી રકમના વ્યાજમાંથી સભાસદોને દુધપાર્ટી અપાય છે, અને મેમ્બરો તરફથી પ્રથમ જ્ઞાનપૂજન પણ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાનપૂજન–કારતક શુદ પાંચમના રોજ જ્ઞાન પધરાવી પૂજન કરી જ્ઞાનભકિત કરવામાં આવે છે.

---

**દેવગુરુભકિત અને ગુરૂજયંતિઓ**—પ્રાતઃસ્મરણીય **શ્રી આત્મારામજી મહારાજની** જન્મતિથિ ચૈત્ર શુદ ૧ ના રોજ હોવાથી શ્રી ગુરૂદેવની જન્મજયંતિ દર વર્ષે સભાસદો **શ્રી પવિત્ર શત્રુંજય** તીર્થે જઈ, વિવિધ પૂજા ભણાવી તથા શ્રી આદિનાથ પ્રભુ, શ્રી પુંડરિકજી તથા ગુરૂશ્રીની આંગી રચવા સાથે સભાસદોનું સ્વામીવાત્સલ્ય દર વર્ષે ત્યાં કરવામાં આવે છે. સભા માટે આ એક અપૂર્વ ભકિતદિન છે. આ ગુરૂભકિતના ઉત્તમ કાર્ય માટે ગુરૂભકત ઉદારદીલ શેઠ સકરચંદભાઈ મોતીલાલ મૂળજીએ એક રકમ સભાને સુપ્રત કરી છે, જેના વ્યાજમાંથી ખર્ચ થાય છે. એ રીતે શ્રી શત્રુંજય પવિત્ર તીર્થ તથા શ્રી તાલધ્વજગિરિ તીર્થ બે તીર્થોની યાત્રાનો સર્વ સભાસદોને દર વર્ષે અપૂર્વ લાભ દેવગુરૂભકિત સાથે મળે છે.

દર વર્ષે માગશર વદી ૬ ના રોજ પ્રાતઃસ્મરણીય શ્રી **મૂળચંદજી મહારાજની** તેમજ આસો શુદિ ૧૦ ના રોજ તેઓશ્રીના સુશિષ્ય શાંતમૂર્તિ પરમકૃપાળુ **શ્રી વિજયકમલસૂરીશ્વરજી** મહારાજની સ્વર્ગવાસ જયંતિઓ માટે થયેલા ફંડોના વ્યાજમાંથી ઉપરોકત રીતે દેવગુરુભકિત વગેરેથી અત્રે જયંતિ ઉજવાય છે. આ સભાનું ધન્યભાગ્ય છે કે ગુરુભકિતના આવા પ્રસંગો સાંપડ્યા છે.

ઉપરોકત કાર્યવાહી જોઇ, જાણી સભાના કોઇપણ કાર્યોમાં:–જ્ઞાનોદ્ધાર–સાહિત્ય પ્રકાશન, પ્રચાર, ગુરૂભકિત,–કેળવણી ઉત્તેજન તેવા અન્ય સઘળા કાર્યોમાં આર્થિક સહાય આપનાર તેમજ આ સભામાં થયેલા અને થતાં સર્વ સભાસદ બંધુઓ પણ આવા આત્મકલ્યાણ સાધવાના ઉત્તમ કાર્યોના ભાગીદાર બને છે.

---

# મીટિંગોનો અહેવાલ.

## ( સં. ૨૦૦૫ )

**મેનેજીંગ કમિટી પહેલી:**—૧ કારતક સુદી ૧૩ ને રવિવાર તા. ૧૪–૧૧–૪૮

પ્રમુખશ્રીની તબીયત બરાબર નહિં હોવાથી મિટીંગનું કામકાજ આવતી મિટીંગ ઉપર મુલતવી રાખવામાં આવ્યું હતું.

**મેનેજીંગ કમિટી બીજી:**—૨ માગસર સુદી ૫ ને રવિવાર તા. ૫–૧૨–૪૮

( ૧ ) સં. ૨૦૦૪ ની સાલનો આવક જાવકનો હિસાબ તથા સરવૈયું વાંચી સંભળાવવામ. આવ્યું હતું અને તે પસાર કરવામાં આવ્યું હતું. ( ૨ ) સં. ૨૦૦૫ ની સાલનું બજેટ મંજુર કરવામાં આવ્યું હતું. ( ૩ ) રાવબહાદુર શેઠ સાહેબ જીવતલાલભાઇવાલી સસ્તા સાહિત્યની યોજના સંબંધી શરતો સંબંધી શ્રી ફતેહચંદ ઝવેરભાઇનો પત્ર વાંચવામાં આવ્યો અને તેનો નિર્ણય કરવાનું બીજી મિટીંગ પર મુલતવી રાખવામાં આવ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**જનરલ મિટીંગ પહેલી:—૧** માગસર સુદી ૧૦ ને શનિવાર તા. ૧૨-૧૨-૪૮

(૧) સભાનાં મુખ્ય સેક્રેટરી ભાઇશ્રી વલ્લભદાસે સભાનો વાર્ષિક અહેવાલ રજુ કરતાં સભાની વધતી જતી પ્રગતિ તથા વિકાસ સંબંધી સુંદર વિવેચન કર્યું હતું.

(૨) પ્રમુખ સાહેબે સં. ૨૦૦૪ ની સાલનો હિસાબ, સરવૈયું વાંચી સંભળાવ્યું હતું અને તે પસાર કરવામાં આવ્યું તેમજ (૩) સં. ૨૦૦૫ની સાલનું બજેટ મંજુર કરવામાં આવ્યું હતું. અને (૪) હિસાબ, રિપોર્ટ છપાવવાનું પણ મંજુર કરવામાં આવ્યું હતું.

**મેનેજીંગ કમિટી ત્રીજી:—૩.** માગસર વદી ૭ ને બુધવાર. તા. ૨૨-૧૨-૪૮.

(૧) ભાઇ શ્રી વલ્લભદાસને ત્યાં બે પુત્રોનો જન્મ થયો અને તરતજ અભાવ થતાં સભાએ દિલગિરી દર્શાવી; અને તેમના આત્માની શાંતિ ઇચ્છી હતી.

(૩) રાવબહાદુર શેઠ સાહેબ જીવતલાલભાઈ પ્રતાપશી તથા સ્વ૦ શેઠ શ્રી શાંતિદાસ ખેતશી સસ્તા સાહિત્ય ગ્રંથમાળા માટે તેઓશ્રી તરફથી અપાતી આર્થિક સહાયવડે પ્રકાશન કરવાની ગ્રંથમાળાને અંગે આજદિન સુધી ચાલેલા પત્રવ્યવહારની નોંધ લેવામાં આવી અને પ્રકાશન અંગેનું કામકાજ શરૂ કરવા માટે નીચે મુજબ ત્રણ સભ્યોના પેટા કમિટિ નીમવામાં આવી.

(૧) પ્રોફેસર સાહેબ ખીમચંદભાઇ ચાંપશી શાહ. M. A.

(૨) વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધી

(૩) શાહ વિઠ્ઠલદાસ મૂળચંદ B. A.

આ કમિટીને પોતાને જરૂર લાગે ત્યારે સભામાંથી અથવા તો સભાની બહારનાં ગૃહસ્થોમાંથી બે ગૃહસ્થોને કોઓપ્ટ કરવાની સત્તા આપવામાં આવી.

**મેનેજીંગ કમિટી ચોથી** ૪—માહ વદી ૦)) ને રવિવાર તા. ૨૭-૨-૪૯

(૧) હજી સુધી છાપકામની સખ્ત મોંઘવારી ચાલુ હોવાથી (અનુવાદ ગ્રંથમાળા) સીરીઝની બાબતમાં હવેથી રૂા. ૪૦૦૦) રૂપીયા ચાર હજાર લેવાનું ઠરાવ્યું.

(૨) સભાના પેટ્રન સાહેબ શેઠ શ્રી મોહનલાલભાઇ તારાચંદને ભારત સરકારે જે. પી. અને ઑનરરી માજીસ્ટ્રેટની માનવંતી પદવી આપી જેથી માનપત્ર આપવા નક્કી કર્યું.

ઉપરોક્ત ઠરાવ પ્રમાણે (સં. ૨૦૦૫ના) ફાગણ વદી ૧ મંગળવાર તા. ૧૫-૩-૪૯ નાં રોજ રા. રા. શેઠ ભોગીલાલભાઈ મગનલાલના પ્રમુખપણા નીચે શેઠ મોહનલાલભાઇ તારાચંદને સભાના મકાનમાં માનપત્ર આપવામાં આવ્યું હતું. જેના જવાબમાં શેઠ મોહનલાલભાઇએ સભાનો આભાર માનવા સાથે શ્રી કાન્તિવિજયજી જ્ઞાનમંદિર બનાવવા જ્ઞાન ભક્તિ નિમિત્તે રૂા. ૫૦૦૦) પાંચ હજાર સભાને આપવા ઉદારતા બતાવી હતી; જેથી (શ્રી જૈન આત્માનંદ સભામાં ત્રીજે માળે જેવો શેઠ ભોગીલાલ લેકચર હોલ છે તેવી રીતે) સભાના ઉત્તરાદા મકાનને શ્રી કાન્તિવિજયજી જ્ઞાનમંદિર કરવા ફાયર પ્રુફ રીતે બંધાવવાનું છે, તે મકાનના ત્રીજા માળના હોલને " શ્રી મોહનલાલભાઇ સાહિત્ય હોલ " એમ નામ આપવું તથા ત્યાં શેઠ મોહનલાલભાઇનો ઓઇલ પેઇન્ટીંગ ફોટો કાયમ રાખવો અને નામા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધિકરણ માટે મેળાવડા કરી તે કાર્યો કરવાં એ રીતે સભાએ ઠરાવ કર્યો હતો. તે જ્ઞાનમંદિર ચણાવવાનું આવતા વર્ષે શરૂ કરવું.

( ૩ ) સભાના મકાનમાંથી છોડની ચોરી થઇ તેની વિગત જાહેર કરવામાં આવી.

**મેનેજીંગ કમિટી પાંચમી** ૫—જેઠ વદી ૪ ને મંગળવાર તા. ૧૪–૬–૪૯.

( ૧ ) રાવબહાદુર શેઠ જીવતલાલભાઇ પ્રતાપશી તથા સ્વ. શેઠ શાંતિદાસ ખેતશીનાં ટ્રસ્ટ ફંડમાંથી જે સસ્તું સાહિત્ય પ્રકાશન કરવાનું છે તે માટે ગયા વર્ષમાં તા. ૨૯–૨–૪૮ના રોજ જે કમિટી નીમવામાં આવી છે તે કમિટી સસ્તા સાહિત્ય કાર્ય માટે કાયમ રાખવી એમ ઠરાવ્યું.

( ૨ ) સભાનાં સ્ટાફનાં નોકરોનો પગાર વધારવામાં આવ્યો.

**મેનેજીંગ કમિટી છઠ્ઠી ૬**—જેઠ વદી ૦)) ને રવિવાર તા. ૨૬–૬–૪૯

( ૧ ) પરમ પૂજ્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે સમય અને શાસ્ત્રને અનુસરીને શ્રી કાવી તીર્થમાં જે ભાગવતી દીક્ષા આપી છે તે માટે આનંદ વ્યક્ત કરી અનુમોદના કરવામાં આવી.

( ૨ ) સભાના ઉપપ્રમુખ શ્રીયુત્ પ્રોફેસર સાહેબ ખીમચંદભાઇ શાહની સૌરાષ્ટ્ર સરકારે કેલવણી વિભાગનાં ઉચ્ચ અધિકારી તરીકે નીમણુંક કરી છે તે માટે સભા તરફથી જનરલ મેળાવડો કરીને તેમને અભિનંદન આપવાનો ઠરાવ કરવામાં આવ્યો.

( ૩ ) પૂજ્ય પ્રવર્ત્તક શ્રી કાન્તિવિજયજી મહારાજ સ્મારક ફંડમાંથી ઇનામ આપવાનો નિર્ણય પ્રોફેસર ખીમચંદભાઇને સોંપાયેલ હોવાથી તેમની સાથે રાજકોટ પત્રવ્યવહાર કરી નિર્ણય કરવા ઠરાવ્યું.

**મેનેજીંગ કમિટી સાતમીઃ**—અશાડ વદી ૪ ને ગુરૂવાર તા. ૧૪–૭–૪૯

( ૧ ) શ્રી જૈન સસ્તા સાહિત્ય પહેલા વર્ષની યોજના માટે પ્રથમ વર્ષ માટે રૂા. દશ હજાર મળી ગયેલ હોવાથી તેનું કામ પરસ્પર થયેલી શરત મુજબ વહેલી તકે શરૂ કરવા માટે તે માટે નીમાયેલ સબકમિટીને ભલામણ કરવામાં આવી.

( ૨ ) શ્રી જૈન સસ્તા સાહિત્યવાળી યોજનામાં શ્રીયુત્ ફતેહચંદભાઇએ શ્રમ લઈ જે ફાળો આપ્યો છે તેના માટે આભાર માનવામાં આવ્યો.

( ૩ ) સસ્તા સાહિત્યની યોજનામાં જે જે રીતે ખરચ કરવાનો નિર્ણય કરવામાં આવેલો છે તે માટે જે જે ખરચ થાય તે સબકમિટીનાં સેક્રેટરીએ ટ્રેઝરર સાહેબ ઉપર લખવું અને ટ્રેઝરર સાહેબે તરત તેનો અમલ કરવો એમ ઠરાવ્યું.

**મેનેજીંગ કમિટી આઠમીઃ**—શ્રાવણ સુદી ૧૪ ને રવિવાર તા. ૭–૮–૪૯

( ૧ ) શ્રી જૈન સસ્તા સાહિત્ય માટે આવેલ રકમનું ખાતું સેન્ટ્રલબેંકમાં ખોલવું.

( ૨ ) સેન્ટ્રલબેંકમાં શ્રી જૈન આત્માનંદ સભાની વતી શેઠ ગુલાબચંદ આણંદજી, ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ અને શેઠ અમૃતલાલ છગનલાલ એ ત્રણ નામે ખાતું ખોલવા અને ત્રણ પૈકી બે જણાની સહીથી રૂપીયા ઉપાડી શકે તેમ ઠરાવવામાં આવ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આવતા વર્ષ માટે બાકી રહેલા અને શરૂ કરવાના ઉત્તમ કાર્યો, તૈયાર કરેલી નવી ભૂમિકા અને નવીન મનોરથો.

સભાના નાણાનું ભંડોલ જે હાલ છે, તેમજ ગુરુકૃપાથી વધે તેનું સંરક્ષણ કરવા સાથે પ્રમાણિકપણે ભાડું કે વ્યાજ યોગ્ય રીતે કેમ વિશેષ ઉત્પન્ન થાય અને તેનાથી પૂર્વાચાર્ય પૂજ્ય પુરુષોકૃત પ્રાકૃત, સંસ્કૃત સાધુ સાધ્વી મહારાજાઓના પઠનપાઠન માટે ઉપયોગી હોય તેવું સાહિત્ય ભેટ કે સંયોગવશાત્ ઓછી કિંમતે સભા આપી શકે, તેમજ જૈન કથા, ચારિત્ર, ઇતિહાસ સાહિત્યના ગ્રંથો કે જેના પઠન પાઠનથી આત્મકલ્યાણ સાધી સધાય, સુસંસ્કાર ઉત્પન્ન થાય તેના ગુજરાતી ભાષામાં અનુવાદો કરાવી સુંદર શુદ્ધ, સરલ, સચિત્ર પ્રકટ કરી સભાના માનવંતા સભાસદોને મોટી કિંમતના જ્ઞાનખાતાનો દોષ ન લાગે તે રીતે સંખ્યાબંધ ભેટ આપી શકાય અને અન્યને ઓછી કિંમતે આપવાનો પ્રબંધ થઇ શકે તે માટે કોઇ નવીન યોજના અને તેવા સુંદર સાહિત્યનું વ્હેલાસર પ્રકાશન સહેલાઇથી થઇ શકે તેવી વિચારણા કરવાની છે.

૨ સભાની સુવર્ણ જ્યુબીલી ઉજવવા માટે ગયા વર્ષમાં કરેલી શરૂઆત ભવિતવ્યતાના યોગે વિલંબમાં પડેલ તે કાર્યને જલદી અમલમાં આણવા ગતિમાન કરવાનું છે.

૩ પ્રાતઃસ્મરણીય આ સભાના મહાન ઉપકારી પ્રવર્તકજી શ્રી કાન્તિવિજયજી મહારાજના, સ્મરણ નિમિત્તે કેળવણી ફંડ કરવામાં આવ્યું છે, તેના વ્યાજમાંથી તેમની સ્વર્ગવાસ તીથી અશાડ શુદ ૧૦ ના રોજ સુવર્ણ અને રોપ્ય મેડલ જૈન વિદ્યાર્થીને ( કરેલ ધારાધોરણ પ્રમાણે ) મેળાવડો કરી આપવાનું અને સાથે તે ઉપકારક ગુરુના નામથી જે જ્ઞાનમંદિરની સ્થાપના કરવાની છે, તેને માટે લીધેલા મકાનનું જ્ઞાનનું રક્ષણ થાય તે રીતેનું બાંધકામ જલદી તૈયાર કરવા, સભાએ તે માટે એક સબ કમીટી નીમી છે અને સ્વતંત્ર રીતે સુંદર જ્ઞાનમંદિર તૈયાર કરવા ટ્રેઝરર શેઠ અમૃતલાલ છગનલાલને સુપ્રત કરવામાં આવેલ છે ( ગુરૂકૃપાથી તેની આર્થિક સહાય પણ મળી જ જશે ) તે બંને ઉત્તમ કાર્યોની શરૂઆત અને અમલ વહેલી તકે થઇ જશે.

૪ સભાની ઇચ્છા, વિચાર કે ધ્યેય નાણા વધારવા કે સંગ્રહી રાખવાનો નથી, પરંતુ તેની જેમ જેમ આર્થિક સ્થિતિ વધતી જશે, તેમ તેમ ધારાધોરણ પ્રમાણે દરેક ખાતાઓમાં થતો સદ્વ્યય બાદ જતાં જે રકમ ફાજલ પડશે તે જરૂર પડે તો મુદ્દલ કે નિયમ પ્રમાણે તેના વ્યાજમાંથી તે જ્ઞાનખાતા કે સિરિઝના ખાતા સિવાયના જે નાણાં હશે તેનો કેળવણીને ઉત્તેજન, જૈનબંધુના રાહત માટે કે બીજી કોઇ બાબતની સભા જે વિચારણા ધારાધોરણ પ્રમાણે યોજના તૈયાર કરશે તે રીતે તે તે ખાતામાં પ્રમાણિકપણે સભા સદ્વ્યય કરશે કે જેનાથી સભાની પ્રગતિ, ગૌરવ અને પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થાય.

## મનોરથો, આશા અને પ્રાર્થના.

ઉપર પ્રમાણે આવતા વર્ષે કરવાના કાર્યોની ભૂમિકા આપને જણાવી છે–સભાનો ખર્ચ જેમ વધતો જાય છે, તેમ તેની સાથે નવા સભાસદોની વૃદ્ધિ સાથે સભાની પ્રતિષ્ઠા, ગૌરવ વધતાં સભાની કાર્યવાહી પ્રત્યે સંતોષ અને સમાજપ્રિયતા વધતી જાય છે. જૈન બંધુઓ અને બ્હેનો વગર લખ્યે સભ્યો થઇ, સહાયક થઇ સભાની પ્રગતિમાં ફાળો આપ્યે જાય છે. છેવટે સભા ભાવિમાં વિશેષ પૂર્વાચાર્યોકૃત ઉત્તમોત્તમ સાહિત્ય પ્રકટ કરી, વિશેષ ઉદારભાવે ભેટ કે સસ્તું આપી જ્ઞાનદાન, પ્રચાર અને જ્ઞાનભક્તિ કરે તેમજ તે સાથે:—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧) પ્રથમ ધાર્મિક કેળવણી (૨) વ્યવહારિક (સ્કુલ) કેળવણી અને (૩) ઔદ્યોગિક કેળવણી વગેરે જૈન બાળકો વિશેષ લેતા કેમ થાય? તે માટે સ્કોલરશીપ, બુકો કે લોન સીસ્ટમે આગળ વધવામાં સહાય જરૂરીયાત પ્રમાણે આપી શકાય તેને માટે, તેમજ ફ્રી લાઇબ્રેરીનો લાભ વધારે સરલતાપૂર્વક જૈન જૈનેતર બંધુઓ પ્રજા વિશેષ કેમ લઈ શકે? આપણા જૈન બંધુઓ કે જેને કોઇપણ પ્રકારની રાહતની જરૂરીયાત હોય તેને તે તે પ્રકારે રાહત સભા કેમ આપી શકે, છેવટે દેવ, ગુરુ ધર્મની વિશેષ વિશેષ પ્રકારે સભા ભક્તિ કેમ કરી શકે અને ચિંતવેલા અને નવા મનોરથો ગુરુકૃપાવડે જલ્દી પૂર્ણ પામે એ સર્વ માટે પરમાત્માની પ્રાર્થના કરી આ નિવેદન પૂર્ણ કરવામાં આવે છે.

ઉપર પ્રમાણે સં. ૨૦૦૫ ની સાલનો સંપૂર્ણ કાર્યવાહી સાથેનો રિપોર્ટ આપની સમક્ષ રજૂ કર્યો છે. અમો કાર્યવાહકોની કદાચ કોઇપણ સ્થળે ત્રુટી પણ હોય તો દરગુજર કરશો અને અમોને જણાવશો જેથી અમો કાર્યવાહકો અથવા સભા તેમાં યોગ્ય સુધારાવધારા જરૂર કરશે.

**આભાર**—આ વર્ષમાં સભાના ચાલતા કોઇ પણ કાર્યમાં આર્થિક સહાય આપનાર બંધુઓ તેમજ શ્રી આત્માનંદ પ્રકાશ માસિકને માટે લેખો, સહકાર વગેરે આપનાર મુનિ મહારાજો તથા જૈન બંધુઓનો આભાર માનવામાં આવે છે. આ સભાના અનેક ઉતમ ભાવિ મનોરથો ગુરૂકૃપાથી શ્રી અધિષ્ઠાયક દેવો સફળ બનાવે તેવી પરમાત્માની પ્રાર્થના કરી આ રિપોર્ટ પૂર્ણ કરીયે છીયે.

## સં. ૨૦૦૫ ની સાલનું સરવૈયું.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૨૫૪૭૯।।। | શ્રી જ્ઞાન સંબંધી ખાતાઓ પુસ્તકો છપાવવા સિરીઝ સંસ્કૃત વગેરે. | ૪૯૬૧૨।।૦ | શ્રી જ્ઞાન ખાતે લેણાં ડેડસ્ટોક, લાઇબ્રેરી, છપાતાં પુસ્તકો, વેચાણ પુસ્તકો, છપાવવાનાં કાગળો વગેરે. |
| ૩૫૯૫૧) | શ્રી ગુજરાતી સિરીઝ. | | |
| ૫૧૮।≡ | છાપખાનાના દેવા | ૭૨૧૯।।। | છાપખાના તથા બુકસેલરોનાં ખાતા. |
| ૯૧૮૦૨)- | સાધારણ મેમ્બર ફી પેટ્રન લાઇફ મેમ્બર વગેરે. | ૯૨૦૫૭।- | શ્રી મકાન ખાતા. |
| | | | ૪૮૫૦૧।।।≡ આત્માનંદ ભવન. |
| ૫૦૦૦) | શેઠ ભોગીલાલ લેકચર હોલ. | | ૪૮૪૪)= ઉત્રાદા મકાન. |
| ૨૧૭૨૪। | જયન્તિ તથા ફંડો. | | ૩૭૩૩૦।। આત્માનંદ પુણ્ય ભુવન. |
| ૫૯૮૪।।= | સરારી દેવું. | | ૧૩૮૦।।। શાહ નથુભાઈ દેવચંદ. |
| ૨૦) | મેમ્બરોના ખાતા. | | ૯૨૦૫૭।- |
| ૩૭૮)-। | ઉબળેક તથા લાઇબ્રેરીનાં ડીપોઝીટ. | ૧૦) | એ. બી. સી. બેંક દાવા ખરચ. |
| ૧૮૬૮૫૮)≡। | | ૩૬૯૯૪।।≡।। | શરાફી ખાતા તથા બોન્ડો, બેન્કો ખાતે. |
| | | ૬૪।। | મેમ્બરોનાં ખાતા. |
| | | ૫૮૬। | ઉબળેક ખાતા. |
| | | ૩૧૩)=। | પુરાંત સં. ૨૦૦૫ નાં આસો વદી ૦)) |
| | | ૧૮૬૮૫૮)≡। | |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## યોજનામાં.

સં. ૨૦૦૮ ની સાલમાં શ્રી સોમપ્રભાચાર્યકૃત શ્રી સુમતિનાથ પ્રભુ ચરિત્ર સચિત્ર ગ્રંથ ચારસેંહ ઉપર પાના થશે, જેની કિંમત રૂા. અગીયાર રૂપીયા કિંમત થશે, તે સાથે શ્રી કથારત્ન કોષ ગ્રંથ બીજો ભાગ જેની કિંમત છ રૂપીયા સુમારે થશે. તે બંને ગ્રંથો રૂા. ૧૭) ની કિંમતના થશે જે અમારા લાઇફ મેમ્બરો છે અને નવા થનાર મેમ્બરોને ભેટ આપવાનો નિર્ણય થઇ ગયો છે. ( સાથે ગુરૂ કૃપાથી કદાચ આર્થિક સહાય સભાને કોઇ નવા ગ્રંથ માટે મળી જાય અને દરમ્યાનમાં તે પણ છપાઇ જાય તો થયેલા અને નવા થનાર લાઇફ મેમ્બરોને તેનો પણ ભેટનો લાભ વિશેષ મળી જાય. જેથી સ્થિતિસંપન્ન બ્હેનો તથા બંધુઓએ આ સભામાં નવા લાઇફ મેમ્બર થઇ લાભ લેવા ચુકવા જેવું નથી.

આવો ભેટના ગ્રંથનો લાભ બીજી કોઇ સંસ્થાએ આપ્યો નથી, અને આપી શકતી નથી.

---

## શ્રી પાર્શ્વનાથ પ્રભુ ( સચિત્ર ) ચરિત્ર.

### પરમાત્મા શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર. સચિત્ર ( કિંમત રૂા. ૧૩ )

આ ગ્રંથ સં. ૨૦૦૫ ની સાલમાં જે ભેટ આપવાનો હતો, તે અમારા માનવંતા પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને ભેટ આપવામાં આવેલ છે, અને તે સાલમાં નવા થનારા લાઇફ મેમ્બરોને ભેટ આપવા માટે નક્કી કરેલ છેલ્લી મુદત સુધીમાં થયેલાં નવા થનાર સભ્યોને ભેટ પણ આપવામાં આવેલ પણ છે.

**હવે આ સં. ૨૦૦૬ ની સાલ ચાલતી હોવાથી આ સાલમાં** ચાર ગ્રંથો ભેટ આપવાની જાહેર ખબર ઘણી વખત આપવામાં આવેલ છે, તેમજ આત્માનંદ પ્રકાશમાં નવા થનાર લાઇફ મેમ્બરોને પણ તે ચારે ગ્રંથો ભેટ આપવાની પણ સુચના અપાયેલ છે, છતાં આ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર સચિત્ર, સુંદર, આકર્ષક અને આત્મકલ્યાણ સાધનારૂં હોવાથી, જૈન સમાજમાં પ્રિય થઇ પડવાથી, તે જ ગ્રંથ આ સાલ( હાલમાં ) નવા લાઇફ મેમ્બર થવાની ઇચ્છાવાળા જૈન બંધુઓ અને બ્હેનો ( ગઇ સાલમાં જ ) ભેટ અપાયેલ તે ઉપરોક્ત ચરિત્ર ગ્રંથ ભેટ મંગાવે છે, એ ધારાધોરણ પ્રમાણે અને સામાન્ય રીતે પણ આગલા વર્ષોની ભેટ અપાઇ શકે નહિં; કારણ કે જ્ઞાનખાતાને દોષ આપનાર લેનારને પણ લાગે તેમ છે; પરંતુ નવા થનાર લાઇફ મેમ્બરોની ગ્રંથની પ્રશંસા જાણીને-વાંચવા આત્મકલ્યાણ સાધવા ઘણા પત્રો અમારા ઉપર આવેલ હોવાથી તમન્ના જોવાઇ છે, જેથી સભા એવા ઠરાવ પર આવી છે, કે હવે **પછી નવા થનારા લાઇફ મેમ્બર બંધુઓને ખાસ આ ચરિત્ર વાંચવા માટે લેવાની જરૂર જ હોય તો સિલિકમાં હશે ત્યાં સુધીમાં રૂા. ૧૦૧) લાઇફ મેમ્બર ફીના તથા રૂા. ૭) શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્રના મળી રૂા. ૧૦૮) મોકલી આપશે તો આ સાલના ભેટ આપવાના ચાર ગ્રંથો સાથે તે પણ મોકલી આપવામાં આવશે.**

આગલી કોઇપણ સાલમાં ભેટ અપાયેલાં કોઇપણ ગ્રંથની ભેટ માટેની માંગણી નવા થનારા સભ્યોએ નહિં કરવા નમ્ર વિનંતિ છે.

બીજા વર્ગનાં લાઇફ મેમ્બરોને આ તથા બીજા ગ્રંથો ધારા મુજબ ભેટ આપવામાં આવશે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

**આ અંક સાથે ગયા વર્ષનો રિપોર્ટ સાથે દાખલ કરેલ છે વાચકવર્ગને મનનપૂર્વક વાંચવા નમ્ર સૂચના છે.**

---

## અમારા માનવંતા લાઈફ. મેમ્બરોને નમ્ર સૂચના.

ગયા અંકમાં જણાવ્યા પ્રમાણે આ સાલના ભેટના **શ્રી દમયંતી ચરિત્ર સચિત્ર** વગેરે ચાર ગ્રંથો કિંમત રૂા. ૧૩-૮-૦ ના પોસ્ટ પુરતા વી૦ પી૦ થી બહારગામ ભેટ મોકલાઈ ગયેલ છે, જેથી જેઓ બંધુ બ્હેનોને ન મળ્યા હોય તેમણે અમોને સત્વર લખી જણાવવું.

ભાવનગરના લાઇફ મેમ્બર સાહેબો જે.ન:લઇ ગયા હોય તેઓ સાહેબે સભાએથી સત્વર લઇ જવા.

બીજા વર્ગના અહિં તેમજ બહાર ગામના લાઇફ મેમ્બર બંધુઓએ બે રૂપીયા ઉપરાંતની કિંમતના ગ્રંથોમાં બબ્બે રૂપીયા કમી કરી બાકીની કિંમતે અને બે રૂપીયા ઓછી કિંમતવાળા ફ્રી મંગાવી લેવા-લઇ જવા નમ્ર સૂચના છે.

---

## શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને નમ્ર સુચના.

આપને પુસ્તક ૪૮મા ( સં. ૨૦૦૬ ના શ્રાવણથી સં. ૨૦૦૭ ના અશાડ માસ એક વર્ષ )ની ભેટની બુક **શ્રી આદર્શ જૈન સ્ત્રીરત્નો ભાગ ૨ જો** ( કિંમત બે રૂપીયાની ) આપવાનો નિર્ણય થયેલ છે, જે અશાડ માસમાં લવાજમ અને પોસ્ટેજ પૂરતા વી. પી.થી ભેટ મોકલવામાં આવશે. લવાજમ જેમનું આવેલ હશે તેમને પોસ્ટેજ પુરતા વી. પી.થી ભેટ મોકલીશું. આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને અત્યાર સુધી ભેટ આપેલા સુંદર ગ્રંથોની નામાવલી આ ગ્રંથના પાછળના ભાગમાં આપેલ છે, જેથી નવા ગ્રાહકો થનારને માસિક સાથે કેવા સુંદર ગ્રંથો દરવર્ષે ભેટ અપાય છે તે જાણી જૈન બંધુઓને ગ્રાહક થવા સૂચના કરીએ છીએ.

---

**આવતા પર્યુષણ સુધીમાં નવા થનારાં ( ૧ ) લાઇફ મેમ્બરોને ઉપરોક્ત શ્રી દમયંતી ચરિત્ર વગેરે ચાર ચાર ગ્રંથો રૂા. ૧૩-૮-૦ ની કિંમતના ભેટ આપવામાં આવશે. બીજા વર્ગમાં દાખલ થનારને ધારા પ્રમાણે ભેટ આપવામ આવશે.**

---

## ૧ મહાસતી શ્રી દમયંતી ચરિત્ર.

### શ્રી માણિક્યદેવસૂરિ વિરચિત મૂળ ઉપરથી અનુવાદ. સચિત્ર.

પૂર્વનો પૂણ્યયોગ અને શીલનું માહાત્મ્ય સતી શ્રીદમયંતીમાં અસાધારણ હતું, તેનો શુદ્ધ અને સરલ ભાષામાં અનુવાદ કરાવી અમારા તરફથી પ્રકાશનનું કાર્ય શરૂ કરેલ છે. આ અનુપમ રચનામાં મહાસતી દમયંતીના અસાધારણ શીલ મહાત્મ્યના પ્રભાવવડેના ચમત્કારિક અનેક પ્રસંગો, વર્ણનો આવેલ છે, સાથે નળરાજા પ્રત્યે અપૂર્વ પતિભક્તિ, સતી દમયંતી સાસરે સીધાવતાં માબાપે આપેલી સોનેરી શિખામણો, જુગારથી થતી ખાનાખરાબી, ધૂર્ત જનની ધૂર્તતા, પ્રતિજ્ઞાપાલન, તે વખતની રાજ્યનીતિ, સતી દમયંતીએ વન નિવાસના વખતે, આવતા સુખ દુઃખો વખતે ધીરજ, શાંતિ રાખી અને તે વખતે કેટલાયે મનુષ્યોને ધર્મ પમાડેલ છે તેની ભાવભરીત નોંધ, તેમજ પુણ્યશ્લોક નળરાજાના પૂર્વના અસાધારણ મ્હોટા પુણ્યબંધના યોગે તેમના માહાત્મ્ય, મહિમા, તેમના નામ સ્મરણથી મનુષ્યોને થતા લાભો વગેરેનું અદ્ભુત પઠન પાઠન કરવા જેવું વર્ણન આચાર્ય મહારાજે આ ગ્રંથમાં આપ્યું છે. બીજી અંતર્ગત સુબોધક કથાઓ પણ આપવામાં આવેલી છે. ફોર્મ ૨૯ પાના ૩૧૨ સુંદર અક્ષરો, સુંદર બાઇડીંગ કવર જેકેટ સહિત કિંમત રૂા. ૭-૮-૦ પોસ્ટેજ જુદું.

---

For Private And Personal Use Only